


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2021-2023

Year - 6 | Issue- 287 | AD-2023, Shravan Sud -03 | Thursday Dt. 20-07-2023 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### ૧૨ ઈંચ વરસાદથી માંગરોળ તરબોળ, માળીયા હાટીના પણ જળબંબાકાર

## ગીર સોમનાથ અને જૂનાગઢ જીલ્લામાં સાંબેલાધાર વરસાદ

### અનેક વિસ્તારોમાં પાણી ભરાયા, નદીઓના નીચાણવાળા ગામોને એલર્ટ કરાયા

(એ.આર.એલ),જૂનાગઢ,તા.૧૯

જુલાઈના ત્રીજા રાઉન્ડમાં હવે સૌરાષ્ટ્રનો વારો છે. ગઈકાલે ગીરસોમનાથ બાદ આજે જૂનાગઢમાં વરસાદે હાહાકાર મચાવ્યો છે. જૂનાગઢના માંગરોળમાં સતત વરસાદથી આભ ફાટ્યું હોય એવી સ્થિતિ છે. જૂનાગઢના માંગરોળમાં સવારથી અત્યાર સુધીમાં ૧૨ ઈંચથી વધારે વરસાદ પડતાં ચારે તરફ હાહાકાર છવાયો છે. વેરાવળમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૫ ઈંચ વરસાદ ખાબક્યો છે. જીલ્લાના તમામ રસ્તાઓ પર પાણી ફરી વળ્યા છે. લોકોનાં ઘરોમાં, દુકાનોમાં અને વાહનોમાં પાણી ઘૂસ્યા છે. માત્ર સવારે ૬ વાગ્યાથી બપોરે ૨ વાગ્યા સુધીમાં જૂનાગઢના માંગરોળમાં ૧૨ ઈંચ વરસાદ ખાબક્યો છે. તો જૂનાગઢના માળિયા હાટીનામાં ૮ ઈંચ વરસાદ નોંધાયો. પોરબંદરના કુતિયાણામાં ૫ ઈંચ વરસાદ, જૂનાગઢના કેશોદમાં ૪.૫ ઈંચ વરસાદ થયો છે જ્યારે ગુજરાતના ૧૨ તાલુકામાં ૪ ઈંચથી વધુ વરસાદ, ગુજરાતના ૧૭ તાલુકામાં ૩ ઈંચથી વધુ વરસાદ, ગુજરાતના ૨૪ તાલુકામાં ૨ ઈંચથી વધુ વરસાદ, ગુજરાતના ૩૬ તાલુકામાં ૧ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે






જૂનાગઢ જિલ્લામાં અનરાધાર વરસાદથી જળબંબાકાર જેવી સ્થિતિ છે. નદી નાળામાં નવા નીર આવતા લોકો ફસાયા છે. ભારે વરસાદથી અનેક ગામો સંપર્કવિહોણા બન્યા છે. તો આ બાજુ માળીયા હાટીના પંથકમાં ભારે વરસાદના કારણે વ્રજમી ડેમના ત્રણ દરવાજા ખોલવાની ફરજ પડી છે.

જામનગર જિલ્લાના જામજોધપુરમાં બે કલાકમાં પાંચ ઈંચ વરસાદ વરસતા રસ્તાઓ પાણી પાણી થયા હતા. જામજોધપુરના સિદસર પાસે નદીમાં પૂર આવતા જૂનો બિનઉપયોગી પુલ ધરાશાયી થયો હતો. આજે સવારે ૬ વાગ્યાથી રાત્રે ૮ વાગ્યા સુધીમાં રાજ્યના ૧૬૩ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં ૭૧ તાલુકામાં એક ઈંચ કે તેના કરતાં વધુ વરસાદ નોંધાયો છે. જૂનાગઢની ઉંબેણ નદીમાં ઘોડાપૂરના કારણે વંથલી નજીક પુલ પર પાણી ફરી વળતા વાહનવ્યવહારને અસર પહોંચી છે. વંથલીથી માણાવદર, કુતિયાણા અને પોરબંદર તરફ જતા વાહનો ફસાયા છે. જો કે, કેટલાક વાહનચાલકો આ સ્થિતિમાં પણ જીવના જોખમે વાહનો પસાર કરતા જોવા મળ્યા હતા. ભારે વરસાદને કારણે ધોરાજી તાલુકાના ભાદર-૨ ડેમના ૮ દરવાજા ૫ ફૂટ ખોલવામાં આવ્યા છે. ૫૫૦૧૪ ક્યૂસેક પાણીની આવક સામે ૫૫૦૧૪ ક્યૂસેક પાણીનો પ્રવાહ છોડવામાં આવ્યો હોવાથી ધોરાજી તાલુકાના ભોળા, ભોળગામડા, છાડવાવદર અને સુપેડી તેમજ ઉપલેટા તાલુકાના ડુમિયાણી, ચીખલિયા, સમઢિયાળા, ગણોદ, ભીમોરા, ગાધા, ગંદોડ, હાડફોડી, ઈસરા, કુંઢેચ, લાઠ, મેલી મજેઠી, નિલાખા, તલગણા તથા ઉપલેટાના લોકોને નદીના પટમાં અવરજવર નહીં કરવા તેમજ સાવચેત રહેવા ડિઝાસ્ટર મેનેજમેન્ટ દ્વારા સૂચના આપવામાં આવી છે.ગુજરાતમાં હવામાન વિભાગ દ્વારા આગામી સાત દિવસ દરમિયાન રાજ્યમાં સાર્વત્રિક વરસાદની આગાહી કરવામાં આવી છે. આજે હવામાન વિભાગ દ્વારા વલસાડ, દાદરા અને નગર હવેલી, દમણ, રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ અને ભાવનગરમાં અતિથી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે ખેડા, અમદાવાદ, આણંદ, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી અને તાપી જિલ્લામાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આવતીકાલે પણ સુરત, નવસારી, વલસાડ, દાદરા અને નગર હવેલી, દમણ, અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથ જિલ્લામાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ઉત્તર ગુજરાતમાં હાલ છુટોછવાયો વરસાદ વરસી રહ્યો છે. અહીં ૨૨ જુલાઈએ ભારે વરસાદની શક્યતા વ્યકત કરવામાં આવી છે.

## સિરિયલ બ્લાસ્ટનું કાવતરૂ રચી રહેલા પાંચ શંકાસ્પદ આતંકવાદીઓની બેંગ્લુરુમાંથી ધરપકડ

(એ.આર.એલ),બેંગ્લુરૂ,તા.૧૯

સેન્ટ્રલ ક્રાઈમ બ્રાન્ચ (સીસીબી)એ બેંગ્લુરુમાંથી પાંચ શંકાસ્પદ આતંકવાદીઓની ધરપકડ કરી છે. આ આતંકવાદીઓ બેંગ્લુરુમાં સિરિયલ બ્લાસ્ટ કરવાની યોજના બનાવી રહ્યા હતા. સીસીબીએ આ પાંચ આતંકવાદીઓ પાસેથી મોટી માત્રામાં હથિયારો જપ્ત કર્યા છે. સીસીબીએ કહ્યું કે આ પાંચ શકમંદોની ઓળખ સૈયદ સુહેલ,



ઉમર, જાનિદ, મુદાસિર અને ઝાહિદ તરીકે થઈ છે.

આ તમામ આતંકવાદીઓએ બેંગ્લુરુમાં હુમલો કરવાની યોજના બનાવીહતી. આપાંચેયઆરોપીઓ ૨૦૧૭ના એક હત્યા કેસમાં આરોપી હતા અને તેઓ પરપ્પના અગ્રાહરા સેન્ટ્રલ જેલમાં બંધ હતા. અહીં તે આતંકવાદીઓના સંપર્કમાં આવ્યા હતા. આ મામલાની માહિતી આપતાં બેંગ્લુરુના પોલીસ કમિશનર બી દયાનંદે કહ્યું કે નજીકમાં CCB દ્વારા ધરપકડ કરાયેલા આતંકવાદીઓ પાસેથી ૭ પિસ્તોલ, અનેક ગોળીઓ, એક વોકી-ટોકી અને અન્ય વસ્તુઓ મળી આવી છે. બીજી તરફ કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી બસવરાજ બોમાઈએ તેને મોટું ષડયંત્ર ગણાવ્યું છે. તેમણે કહ્યું કે આ આતંકવાદીઓ બેંગ્લુરુમાં શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટ કરવા માંગતા હતા. પૂર્વ સીએમ બોમાઈએ કહ્યું કે આ કેસ એનઆઈએને સોંપવો જોઈએ. જણાવી દઈએ કે પાંચેય આરોપીઓને ૧૫ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા છે.

## ઉત્તરાખંડના ચમોલીમાં અલકનંદા નદી પાસે ટ્રાન્સફોર્મર ફાટતા ૧૫ થી વધુ લોકોના મોત


(એ.આર.એલ),ચમોલી,તા.૧૯

ઉત્તરાખંડના ચમોલીમાં બુધવારે સવારે એક મોટો અકસ્માત થયો હતો. અહીં નમામી ગંગે પ્રોજેક્ટ સાથે જોડાયેલા સીવર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં કરંટ આવ્યો હતો, જેમાં અત્યાર સુધીમાં ૧૦ લોકોના મોત થયા છે, જ્યારે ઘણા લોકો ઘાયલ થયા છે. સ્થાનિક લોકોની મદદથી વીજ કરંટથી પ્રભાવીત લોકોને બહાર કાઢીને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.



મળતી માહિતી મુજબ આ પ્રોજેક્ટ ચમોલી માર્કેટ પાસે હતો. ટ્રાન્સફોર્મર ફાટવાને કારણે સ્થળ પર કરંટ ફેલાઈ ગયો હતો, જેમાં અનેક લોકોના મોત થયા હતા. દુર્ઘટના સમયે સ્થળ પર ૨૪ લોકો હાજર હતા. ઘાયલોને હવે દેહરાદૂન ખસેડવામાં આવી રહ્યા છે. મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ ઘટનાની તપાસના આદેશ આપ્યા છે, તેઓ પોતે પણ ચમોલી જઈ શકે છે.

ચમોલીના એસપી પરમેન્દ્ર ડોભાલના જણાવ્યા અનુસાર, ટ્રાન્સફોર્મર અલકનંદા નદી પાસે ફાટ્યું હતું, જેના કારણે આ અકસ્માત થયો હતો. જેમાં ૧૦ લોકોના મોતની પુષ્ટિ કરવામાં આવી છે, જ્યારે ઘણા લોકો ઘાયલ થયા છે. ઘાયલોને જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.




## એશિયા કપનું શેડ્યૂલ જાહેર, બીજી સપ્ટેમ્બરે ભારત-પાક કેન્ડીમાં ટકરાશે

(એ.આર.એલ),દિલ્હી,તા.૧૯

આવતા મહિને યોજાનાર એશિયા કપનું શેડ્યૂલ જાહેર કરવામાં આવ્યું છે. એશિયન ક્રિકેટ કાઉન્સિલના પ્રમુખ જય શાહે બુધવારે શેડ્યૂલ જાહેર કર્યું હતું. એમાં ટુર્નામેન્ટની પ્રથમ મેચ પાકિસ્તાન અને નેપાળ વચ્ચે ૩૦ ઓગસ્ટે મુલતાનમાં રમાશે, જ્યારે ભારત ૨ સપ્ટેમ્બરે શ્રીલંકાના કેન્ડીમાં પાકિસ્તાન સામે તેના અભિયાનની શરૂઆત કરશે.

આ ટુર્નામેન્ટનું આયોજન હાઈબ્રિડ મોડલ પર કરવામાં આવશે. એટલે કે ટુર્નામેન્ટની પ્રથમ ચાર મેચ પાકિસ્તાનમાં રમાશે જ્યારે ફાઈનલ સહિત બાકીની ૯ મેચ શ્રીલંકામાં રમાશે. જેમાં ૬ ટીમ ભાગ લઈ રહી છે.

ટુર્નામેન્ટની ૬ ટીમને ૨ ગ્રુપમાં વહેંચવામાં આવી છે. બંને ગ્રુપની ટોપ ૨-૨ ટીમ સુપર-૪ સ્ટેજમાં જશે. ટુર્નામેન્ટની ફાઈનલ મેચ ૧૭ સપ્ટેમ્બરે કોલંબોના મેદાન પર રમાશે.

## ૨૦૨૩નો સૌથી પાવરફુલ પાસપોર્ટ સિંગાપોરનો : ભારત ૮૦મા ક્રમે

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૯

સિંગાપોરનો પાસપોર્ટ વિશ્વનો સૌથી પાવરફુલ પાસપોર્ટ બની ગયો છે. એટલે કે આ દેશના નાગરિકો ૧૯૨ દેશોમાં વિઝા વિના પ્રવાસ કરી શકે છે. પાસપોર્ટ રેન્કિંગ જાહેર કરતી સંસ્થા હેનલી એન્ડ પાર્ટનર્સે ૨૦૨૩ માટે હેનલી પાસપોર્ટ ઈન્ડેક્સ બહાર પાડ્યો છે. રેન્કિંગમાં ભારત ૮૦મા સ્થાને પહોંચી ગયું છે. ગયા વર્ષે ભારતનો રેન્ક ૮૭મો હતો. ભારતીય નાગરિકો ૫૭ દેશોમાં વિઝા વિના મુસાફરી કરી શકે છે.




જ્યારે, પાકિસ્તાનના પાસપોર્ટનું રેન્કિંગ ૧૦૦મું છે. પાકિસ્તાની નાગરિકો માત્ર ૩૩ દેશોમાં જ વિઝા ફ્રી મુસાફરી કરી શકે છે. બીજા સ્થાને જર્મની, ઈટાલી અને સ્પેન હતા. અહીંના નાગરિકો વિઝા વિના ૧૯૦ દેશોમાં પ્રવાસ કરી શકે છે. જાપાન છેલ્લા ૫ વર્ષથી સૌથી પાવરફુલ પાસપોર્ટના પ્રથમ સ્થાન પર રહ્યા બાદ આ વર્ષે ત્રીજા સ્થાને સરકી ગયું છે. દક્ષિણ કોરિયા, ઓસ્ટ્રિયા, ફિનલેન્ડ, ફ્રાન્સ, લક્સમબર્ગ અને સ્વીડન પણ ત્રીજા સ્થાને છે. રેન્કિંગમાં અમેરિકાનો પાસપોર્ટ ૮મા અને બ્રિટનનો પાસપોર્ટ ચોથા ક્રમે છે. જાપાન છેલ્લા ૫ વર્ષથી સૌથી પાવરફુલ પાસપોર્ટના પ્રથમ સ્થાન પર રહ્યા બાદ આ વર્ષે ત્રીજા સ્થાને સરકી ગયું છે.









### માણાવદરના દડવા ગામના યુવકનો ન્યૂડ વીડિયો ઉતારી બ્લેકમેઈલ કર્યા બાદ યુવકે આપઘાત કરી લીધો હતો

# યુવકના આપઘાતમાં વડીયાના તોરી ગામના શખ્સની સંડોવણી

અમરેલી,તા.૧૯

માણાવદર તાલુકાના દડવા ગામે રહેતા એક યુવકનો ન્યૂડ વીડિયો બનાવી પૈસાની માંગણી માટે વારંવાર ફોન કરી ખોટી એફઆરઆઈની નકલ મોકલવામાં આવતા યુવકે આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. આ બાબતે પાંચ શખ્સો સામે ફરિયાદ નોંધાઈ હતી જેમાંના બે શખ્સો ઝડપાઈ ગયા હતા. જેમાંથી એક શખ્સ મૂળ અમરેલી જિલ્લાના વડીયા તાલુકાના તોરી ગામનો હોવાનું જણાતા ખળભળાટ મચી ગયો છે. પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ એક માસ પહેલા ફરિયાદી ભાણજીભાઈ રાઠોડે જણાવ્યુ કે, માણાવદર તાલુકાના દડવા ગામે રહેતા અમિત રાઠોડ નામના યુવક સાથે અજાણી યુવતીએ મિત્રતા કેળવી વીડિયો કોલ કર્યો હતો. યુવતીએ વાતોમાં ફસાવી અમિત રાઠોડનાં કપડાં ઊતરાવી નાખ્યાં હતાં અને સ્ક્રીન રેકોર્ડ કરી લીધી હતી. ત્યાર બાદ અમિત રાઠોડને અલગ અલગ નંબર પરથી અલગ અલગ વ્યક્તિઓના ફોન અને તેનો જ નગ્ન વીડિયો મોકલવામાં આવ્યો હતો, જે વીડિયો વાઈરલ કરવાની ધમકી આપી અમિત પાસેથી પૈસાની માંગણી કરવામાં આવી હતી, પરંતુ સામેથી પૈસાની માગણી સતત ચાલુ જ રહી હતી. ત્યાર બાદ અમિત પર દિલ્હી એસપીના નામે ફોન આવ્યો હતો અને કહેવામાં આવ્યું હતું કે યુવતીએ આત્મહત્યા કરી લીધી છે અને તેની સામે ફરિયાદ નોંધવામાં આવી છે. અમિતના વ્હોટ્સએપ પર ખોટી એફઆઈઆર પણ મોકલવામાં આવી હતી. આ બાબતથી અમિત ખૂબ જ ગભરાઈ ગયો હતો અને ગળેફાંસો ખાઈ જિંદગી ટૂંકાવી હતી. અમિતની આત્મહત્યા બાદ તેનાં પરિવારજનો દ્વારા એક યુવતી સહિત પાંચ લોકો સામે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસને બે આરોપી સુધી પહોંચવામાં સફળતા હાથ લાગી છે. અમિત રાઠોડ દ્વારા રૂા. ૪૮૫૦૦ જે બેંક ખાતાંમાં પૈસા ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા એના આધારે પોલીસે તેલંગાણાના મનોજ ઉર્ફે સની અને અમરેલી જિલ્લાના વડીયા તાલુકાના તોરી ગામના વિશાલ ધીરૂભાઈ તળાવીયાને સુરતથી ઝડપી પાડ્યા છે. જ્યારે અન્ય આરોપીઓની શોધખોળ હાથ ધરવામાં આવી છે. આરોપી વિશાલ વર્ષોથી સુરત સ્થાયી થયો છે પરંતુ તેનું મૂળ વતન વડીયા તાલુકાનું હોવાથી વડીયા પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

**આરોપીઓ શનિવાર સુધી રિમાન્ડ પર**

આ અંગે તપાસનીશ અધિકારી તરલ ભટ્ટએ જણાવ્યું હતું કે, આ શખ્સો જુદી-જુદી ટીમ બનાવી યુવકોને ફસાવે છે તેમજ યુ-ટયુબ પર વીડિયો બનાવવાની ધમકીઓ આપે છે. બોગસ બેન્ક એકાઉન્ટ બનાવી તેમાં પૈસા નાખવાનું જણાવે છે અને આ બોગસ બેન્ક એકાઉન્ટની તપાસ કરતા બેન્ક એકાઉન્ટમાં ૫૦ કરોડ કરતા વધારે નાણાનું ટ્રાન્સેકશન થયુ હોવાનું જાણવા મળતા પોલીસ પણ ચોંકી ગઈ હતી. આ નાણાં કોણે-કોણે નાખ્યા છે તેની તમામ માહિતી અંગે રિમાન્ડ દરમિયાન પૂછપરછ કરાશે.

## વડીયા કોર્ટ કર્મચારીઓનો વિદાય સમારંભ યોજાયો



અમરેલી,તા.૧૯

વડીયાની પ્રિન્સીપલ સિવિલ કોર્ટમાં ફરજ બજાવતા રજિસ્ટ્રાર ઉદયભાઈ જોશી અને અંકિતભાઈ વ્યાસની તથા ક્લાર્ક તરીકે ફરજ બજાવતા સોલંકીભાઈની બદલી અમરેલી ખાતે થતા તેમનો વિદાય સમારંભ યોજાયો હતો.

## ખેડૂતોના વીજ પ્રશ્ને ઉર્જામંત્રીને રજૂઆત કરતા ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા

ખેડૂતોની સળંગ જમીન હોવા છતાં વીજ કનેક્શન અલગ લેવા પડે છે

અમરેલી,તા.૧૯

રાજયના તમામ ખેડૂતો માટે અતિ મહત્વના પ્રશ્નની રજૂઆત અમરેલીના ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ રાજય સરકાર સમક્ષ કરી હતી. હાલની સ્થિતિએ ખેતીની જમીન એક જ ખાતામાં હોય, સર્વે નંબર અલગ હોય પરંતુ જમીન સળંગ હોય તેવી જમીનમાં બંને સર્વે નંબરમાં પાણીના દાર, કૂવા હોય તો વીજ કનેકશન બંને સર્વે નંબર માટે સળંગ જમીન હોવા છતાં



હાલની સ્થિતિએ અલગ-અલગ લેવા પડે છે. આવી સળંગ જમીન ધરાવતા ખેડૂત તેમના હાલ જે સર્વે નંબરમાં વીજ કનેકશન હોય તેમાંથી લોડ વહેંચણી કરી એક જ કનેકશનમાંથી દાર કે કૂવા પર એમ બંને જગ્યાએ તેમની પાસેના કનેકશન મુજબ લોડ વહેંચણી કરી શકે તો ખેડૂતોને મોટી રાહત મળી શકે તેમ છે. આ માટે યોગ્ય કરવા માટે રાજયના ઉર્જામંત્રીને ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાએ પત્ર પાઠવી માંગ કરી છે.

## ચલાલાના આગેવાનની જિલ્લા ચેમ્બર ઓફ કોમર્સના મંત્રી તરીકે વરણી

ચલાલા,તા.૧૯

અમરેલી જિલ્લા ચેમ્બર ઓફ કોમર્સના હોદ્દેદારોની તાજેતરમાં જ વરણી કરવામાં આવી હતી. આ વરણીમાં ચલાલા શહેરમાં વિવિધ ક્ષેત્રે મહત્વની ભૂમિકા ભજવનાર અને સેવાકીય આગેવાન પ્રકાશભાઈ કારીયાની વરણી કરવામાં આવી છે. પ્રકાશભાઈ કારીયા પાલિકા પૂર્વ સદસ્ય, રઘુવીર સેનાના



મહામંત્રી, ચલાલા ગ્રાહક સેવા મંડળના પ્રમુખ સહિતના હોદ્દાઓ નિભાવી રહ્યાં છે. આ વરણીને ચલાલાના આગેવાનોએ આવકારી અભિનંદન પાઠવ્યા હતા.

## લીલીયામાં બ્રહ્મસમાજ દ્વારા તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ યોજાયો

લીલીયા મોટા,તા.૧૯

લીલીયા મોટા ખાતે બ્રહ્મસમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો હતો. ધો.૧થી ડિગ્રી સુધી અભ્યાસ કરેલા અને સારા માર્કસ સાથે ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને બ્રહ્મસમાજના અગ્રણીઓના હસ્તે મોમેન્ટો અને ગિફટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સમારંભમાં પધારેલા



મહેમાનોએ વિદ્યાર્થીઓ અભ્યાસ ક્ષેત્રે વધુમાં વધુ આગળ વધે તેવી શીખ આપી હતી. આ તકે કિશોરભાઈ પાઠક, ભરતભાઈ જોષી સહિતના સમાજ અગ્રણીઓ હાજર રહ્યાં હતા.

## વડીયા નજીક હેરડા ડુંગરે ત્રિદિવસીય સત્સંગ યોજાશે

અમરેલી,તા.૧૯

વડીયાની ભાગોળે આવેલા હેરડા ડુંગર પર મા ખોડિયારની પવિત્ર જગ્યામાં કથાકાર જીજ્ઞાબેન ગોંડલિયા અને કલાકાર પૂનમબેન ગોંડલિયાના પિતા ભરતદાસ બાપુ દ્વારા સેવાપૂજા કરવામાં આવી રહી છે. કુદરતી સૌંદર્યથી ભરપૂર આ ધાર્મિક જગ્યામાં પૂજારી ભરતદાસ બાપુ ગોંડલિયા પરિવાર દ્વારા હિન્દુ ધર્મના પવિત્ર ગણાતા અધિક માસમાં તા. ૨૯ થી ૩૧ જુલાઈના રોજ ભવ્ય ત્રિદિવસીય સત્સંગનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ખ્યાતનામ કથાકાર, સંતો અને વક્તાઓ પોતાની વાણીનો લાભ આપવાના છે. આ સત્સંગી વાણીનો લાભ લેવા જગ્યાના મહંત ભરતદાસબાપુ, કથાકાર જીજ્ઞાબેન ગોંડલિયા અને કલાકાર પૂનમબેન ગોંડલિયા અને હેરડા ડુંગર સેવક ગણ વતી પધારવા ભક્તજનોને આમંત્રણ આપવામાં આવ્યું છે.

## બગસરા આપાગીગાની જગ્યામાં અધિક માસ નિમિત્તે વિવિધ પૂજા

અમરેલી,તા.૧૯

બગસરાના આપાગીગાની જગ્યામાં પરશોતમ માસમાં વિષ્ણુયાગ મહાયજ્ઞ વિધિ રાખવામાં આવી હતી. ગત તા.૧૮ના રોજ મહંત જેરામબાપુની ઉપસ્થિતિમાં મહાયજ્ઞનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ ધાર્મિક કાર્યક્રમનું ગાદી મંદિરના સેવક પરિવાર દ્વારા ભવ્ય આયોજન કરવામાં



આવ્યું છે. આખા માસ દરમિયાન વિશેષ પૂજન, લક્ષ્મીસાધના પૂજા, સત્યનારાયણ દેવ કથા સહિતના કાર્યક્રમો યોજાશે. આ કાર્યક્રમમાં કોઠારી હરીબાપુ ભારે જહેમત ઉઠાવી રહ્યાં છે.

## ધારીના નવાપરા ગામે મહિલાની સફળ પ્રસૂતિ કરાવી, ૧૦૮ની ટીમની પ્રશંસનીય કામગીરી

અમરેલી,તા.૧૯

ધારી તાલુકા નવાપરા ગામે મહિલાની સફળતાપૂર્વક પ્રસૂતિ કરાવવામાં આવતા ૧૦૮ની ટીમ પર અભિનંદનની વર્ષા થઈ રહી છે. ડિલિવરીનો કેસ મળતાની સાથે ૧૦૮ની ટીમ સ્થળ પર જવા રવાના થઈ ગઈ પરંતુ રસ્તામાં પાણી વધારે હોવાને લીધે એમ્બ્યુલન્સ આગળ જઈ શકે તેમ ન હોવાથી ૧૦૮ના કર્મચારીઓ મોટરસાયકલ પર બેસીને સારવાર માટેના જરુરી સમાન સાથે લઈને અંદર વાડી વિસ્તાર સુધી પહોંચ્યા જયાં એક મહિલાને પ્રસૂતિની પીડા થઈ રહી હતી. ૧૦૮ના ઈ.એમ.ટી.ને સ્થળ પર જ એટલે કે વાડી વિસ્તારમાં જ ડિલિવરી



કરાવવાની ફરજ પડી હતી જેથી ઈ.એમ.ટી. જલદીપ જોષી દ્વારા ૧૦૮ ના કોલ સેન્ટર પર ઉપસ્થિત ફિઝિશિયન ડોક્ટર સાથેની સલાહ સૂચના મુજબ મહિલાની વાડીમાં જ પ્રસૂતિ કરાવાઈ હતી. ૧૦૮ના ઈ.એમ.ટી. જલદીપ જોષી અને પાયલોટ ભાવેશ ગીડાએ સલામતીપૂર્વક વહેલી સવારે સફળ ડિલિવરી કરાવી હતી.

## સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઇ

સાવરકુંડલા, તા.૧૯

આગામી સમયમાં શ્રાવણ માસ તથા મહોરમના તહેવારોને અનુલક્ષીને મંગળવારના રોજ સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં શાંતિ સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવેલ હતું. આ બેઠક સાવરકુંડલા ડી.વાય. એસ.પી. હરેશ વોરા, ટાઉન પી. આઇ. એસ.એમ. સોની, પી.એસ. આઇ. પી.એમ. સીસોદીયાની અધ્યક્ષતામાં યોજાયેલ. જેમાં હિન્દુ-મુસ્લિમ સમાજના આગેવાનોએ ભાગ લીધો હતો. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ આગામી તહેવારો કોમી એખલાસ અને ભાઇચારાથી શાંતિપૂર્વક સંપન્ન થાય તે માટેનો હતો. આ બેઠકમાં



રાજુભાઇ શીંગાળા, કરશનભાઇ ડોબરીયા, દેવચંદભાઇ કપોપરા, પ્રવિણભાઇ સાવજ, રાજુભાઇ નાગ્રેચા, વિજયસિંહ વાઘેલા, અનિરૂધ્ધસિંહ રાઠોડ, વિપુલભાઇ ભુપતાણી, મંજુલાબેન ચિત્રોડા, ઈકબાલભાઇ ગોરી, ઈરફાનભાઇ કુરેશી, રાજેભાઇ, અજીતભાઇ વગેરે હિન્દુ-મુસ્લિમ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.


Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦


ડૉ. ગુંજન મોવલીયા
M.B.D.C.H. (Mumbai)
FPCC (KDAH Mumbai)
Pediatric Intensivist
PICU Fellow
કોકીલાબેન ધીરૂભાઈ અંબાણી હોસ્પિટલ, મુંબઈ
હોસ્પિટલમાં ઉપલબ્ધ સુવિધાઓ
જન્મથી ૧૮ વર્ષ સુધીના બાળકોના રોગોનું નિદાન તથા સારવાર ::
Level iii NICU - નવજાત શિશુનુ સઘન સારવાર કેન્દ્ર ::
Level iii PICU - બાળકો માટેનું સઘન સારવાર કેન્દ્ર ::
રસીકરણ કેન્દ્ર (Vaccination Centre) ::
૨૪ કલાક ઈમરજન્સી સારવાર ::
સેંન્ટ્રલ ઓકસીજન સિસ્ટમ ::
દાખલ બાળકો માટે સ્પેશિયલ તથા જનરલ રૂમની સુવિધા ::
પોર્ટેબલ X ray તથા સોનોગ્રાફીની સુવિધા ::
Hamilton Ventilator (Made in Switzerland) ::
(કૃત્રિમ સ્વાસ આપવા માટેનું અતિ આધુનિક સાધન)
CPAP/HFNC ::
નવજાત શીશુ તથા સઘન બાળરોગ નિષ્ણાંત
કિલ્લોલ ચિલ્ડ્રન હોસ્પિટલ
પહેલો માળ, સેવા ભારતી હોસ્પિટલ,
કેરીયા રોડ, અમરેલી. મો. ૯૦૨૩૯ ૫૧૪૦૧

# અમરેલી જિલ્લામાં ધીમી ધારે સાર્વત્રિક વરસાદ

## સતત પડી રહેલા વરસાદના કારણે જગતનો તાત ચિંતામાં





તસ્વીર : હાર્દિક બામટા

અમરેલી, તા. ૧૯

રાજયભરમાં સતત એક મહિનાથી વરસાદ વરસી રહ્યો છે જે અટકવાનું નામ લેતો નથી અને હજી પણ વરસાદ અટકે તેવા કોઈ અણસાર જણાતાં નથી. વરસાદથી ચોતરફ નદી, નાળા, ડેમ અને તળાવો છલકાઈ ગયા છે. જિલ્લાના મોટા ડેમના ઓવરફ્લો થઈ ગયેલ છે. અને દરવાજા ખોલવાની પણ જરૂર પડી છે. જેમાં આજે સવારથી ગોરંભાયેલા વાતાવરણ વચ્ચે અમરેલી શહેર તેમજ ગ્રામ્ય પંથકમાં સતત વરસાદ વરસી રહ્યો છે. બજારોમાં લોકોની અવર-જવર સાવ નહિવત જોવા મળી હતી. એકરસ વરસાદથી ખેડૂતોમાં પણ ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. સૂર્યપ્રકાશ ન મળતાં મોલાતો પીળી પડી રહી છે તેમજ ઈયળો અને રોગનો ઉપદ્રવ પણ વધતો જોવા મળી રહ્યો છે. સાથે રહેણાક વિસ્તારોમાં ખાબોચીયાઓ અને ગટરોમાં મચ્છરોનો ઉપદ્રવ થતાં રોગચાળો ફેલાવાની પણ ભીતિ સેવાઈ રહી છે. દવાખાનાઓ પણ દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે. બગસરામાં સવારથી જ ધીમી ધારે વરસાદ શરૂ થયો હતો અને આસપાસના ગામોમાં એકાદ ઈંચ જેવો વરસાદ પડયો હતો. વડીયામાં સવારે ઝરમર વરસાદ બાદ બપોરે ધોધમાર દોઢ ઈંચ વરસાદ ખાબકયો હતો જેના કારણે સુરવો ડેમનો એક દરવાજો ૨ ઈંચ ખોલાયો હતો. વડીયા થી જેતપુર જતાં હાઈવે પર ચાંપરાજપુર રેલ્વે સ્ટેશન પાસે હાઈવે પર પાણી આવી જતાં ૨ કલાક સુધી વાહન વ્યવહાર બંધ થયો હતો. આ ઉપરાંત અમરેલીમાં પોણો ઈંચ, બાબરામાં સવા ઈંચ વરસાદ નોંધાયો હતો જયારે અન્ય તાલુકામાં સામાન્ય વરસાદ નોંધાયો છે. જિલ્લામાં સતત પડી રહેલા વરસાદના કારણે નાની મોલાતને પારાવાર નુકસાન થઈ રહ્યુ છે. ખેડૂતોને બીજી વખત વાવણી કરવી પડે તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે અને હવે મેઘરાજા ખમૈયા કરે તેવું જગતનો તાત ઈચ્છી રહ્યો છે. જિલ્લામાં ભારે વરસાદની આગાહીને લઈને તંત્ર દ્વારા આગોતરૂ આયોજન કરાયું છે અને લોકોને નિચાણવાળા વિસ્તારમાં અવરજવર ન કરવા સૂચના અપાઈ છે.

## રાજુલાના ચર્ચિત વિમા પોલીસી કૌભાંડના બે આરોપીઓ જામીન મુક્ત



અમરેલી, તા. ૧૯

રાજુલામાં બહુચર્ચિત વિમા કૌભાંડના કુલ ૧૩ આરોપીઓમાંથી બે આરોપીઓને સેશન્સ કોર્ટ દ્વારા જામીન મુક્ત કરવામાં આવ્યા હતા. આ કેસની વિગત મુજબ રાજુલા બસ સ્ટેશન પાસે બે ફોરવ્હીલ ગાડીની તપાસ દરમ્યાન બોગસ ડોકયુમેન્ટ દ્વારા વિમા પોલીસી લેવાના કૌભાંડ અંતર્ગત કુલ પોલીસે ૧૩ આરોપીઓની અટકાયત કરી કોર્ટમાં રજૂ કરતાં રિમાન્ડ બાદ જેલ હવાલે કરવામાં આવ્યા હતા. જેમની જામીન અરજી બાદ એડવોકેટ અજય શિયાળની ધારદાર દલીલો ગ્રાહ્ય રાખી ઉપરોકત પૈકી બે આરોપીઓ હિંમત વાણીયા અને વિશાલ ડોબરીયાના જામીન મંજૂર કરવામાં આવ્યા છે.

## ધારીના ગોવિંદપુર ગામે રહેણાક મકાનમાં એક સાથે સાપના સાત બચ્ચાઓ મળ્યા



તસ્વીર : સંજય વાળા

ધારી, તા. ૧૯

હાલ વરસાદની સિઝન ચાલી રહી છે. વરસાદ વરસવાથી જમીનમાં રહેતા જીવજંતુઓ અને સરીસૃપોના દરમાં પાણી ભરાઈ જવાથી તેઓ બહાર નીકળી આવતાં હોય છે. આવી જ એક ઘટના ધારી તાલુકાના ગોવિંદપુર ગામે બની છે. જેમાં એક વ્યકિતના રહેણાક મકાનમાં સાપના ૭ બચ્ચાઓએ એક સાથે દેખા દેતા પરિવારમાં દોડાદોડી થઈ ગઈ હતી. આ વાત ફેલાઈ જવાથી લોકોના ટોળા એકઠા થવા લાગ્યા હતા. અંતમાં સાપ પકડનાર વ્યકિતની મદદ લેવાઈ હતી અને બધા બચ્ચાઓને એક વાસણમાં મૂકી સુરક્ષિત જગ્યાએ મુક્ત કરવામાં આવ્યા હતા.

## બાબરામાં સીતારામ ધૂન મંડળ દ્વારા અધિક માસ અને શ્રાવણ નિમિત્તે પ્રભાત ફેરી



તસ્વીર : વિજય માળી

બાબરા, તા. ૧૯

લુપ્ત થતી પરંપરાઓને જીવંત રાખવા બાબરામાં દર વર્ષની જેમ આજથી પ્રારંભ થતાં પુરૂષોત્તમ માસ અને શ્રાવણ માસ નિમિત્તે સીતારામ ધૂન મંડળ દ્વારા પ્રભાત ફેરીનું આયોજન કરવામાં આવ્યું છે. સીતારામ ધૂન મંડળને આઝાદી કા અમૃત મહોત્સવમાં સન્માનિત કરાયું હતું.

## લાયન્સ કલબ ઓફ અમરેલી સીટી દ્વારા ભુરખીયા મુકામે નેત્ર નિદાન કેમ્પ યોજાયો



અમરેલી, તા. ૧૯

લાયન્સ કલબ ઈન્ટરનેશનલના સાઈટ ફર્સ્ટ પ્રોજેકટ હેઠળ લાયન્સ કલબ ઓફ અમરેલી સીટી તથા ભુરખીયા ચેરીટેબલ ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે તેમજ રમાબેન અનીલભાઈ પારેખ પરિવારના આર્થિક સહયોગથી ભુરખીયામાં ૬૪મો વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો હતો. જેમાં અમરેલીના સુદર્શન નેત્રાલયના સ્ટાફનો સહયોગ પ્રાપ્ત થયો હતો. આ કેમ્પમાં આંખના રોગના ૧૧૩ દર્દીઓએ લાભ લીધો હતો અને ૪૨ દર્દીઓને અમરેલી સુદર્શન નેત્રાલયમાં લાવી નેત્રમણી આરોપણ કરી આપવામાં આવ્યું હતું.


## યુરિયા ખાતરનો જથ્થો રિલીઝ કરવા વિપુલ દુધાતની રજૂઆત



અમરેલી, તા. ૧૯

અમરેલી જિલ્લામાં સારો એવો વરસાદ પડતાં ખેતીલક્ષી કામગીરી શરૂ થઈ ગઈ છે. અમરેલી જિલ્લામાં રોજગારનું માધ્યમ મુખ્યત્વે ખેતી છે. ત્યારે ખેત ઉપયોગી સંસાધનોની અછત ન વરતાય તે જરૂરી છે. જેના અનુસંધાને અમરેલી જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન વિપુલભાઈ દુધાત દ્વારા રાજયના કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલને અમરેલી જિલ્લાના ખેડૂતો માટે યુરિયા ખાતરનો જથ્થો રિલીઝ કરવા રજૂઆત કરી છે અને ખાતરની અછત ન થાય તે માટે પુરતું ખાતર મળી રહે તેવી વ્યવસ્થા કરવા પણ જણાવેલ છે.

## બગસરામાં સમસ્ત રઘુવંશી પરિવાર દ્વારા શ્રી પ્રભુજીના સાનિધ્યમાં મંગલ મનોરથ યોજાશે



બગસરા, તા. ૧૯

બગસરામાં સમસ્ત રઘુવંશી પરિવારના ગૌ.વા.વૈષ્ણવોના સમૂહ માળા પહેરામણી તથા લોટી ઉત્સવ મનોરથનું આયોજન કરવામાં આવશે. આગામી તા. ૨૩ ના રોજ મોટી હવેલી ખાતે વૈષ્ણવાચાર્ય પ.પુ.ગો.પા. ૧૦૮ શ્રી પ્રભુજી મહારાજની આજ્ઞાથી ૧૦૮ શ્રી રાસેશ્વર બાવાના સાનિધ્યમાં રઘુવંશી પરિવારના ગો.વા. થયેલ જીવોના ઉદ્ધારક તેમજ રાસની પ્રાપ્તિ માટે બગસરા લોહાણા મહાજન તેમજ બગસરા રઘુવંશી પરિવાર દ્વારા સમસ્ત આયોજન કરવામાં આવશે. જેમાં યમુનાજીના સામૈયા બગસરા મોટી હવેલીથી નીકળી મહાજન વાડી ખાતે પહોંચશે. ત્યારબાદ વધાઈ કિર્તન અને બાવાશ્રીના વચનામૃત તેમજ લોટી ઉત્સવ, માળા પહેરામણી અને રાત્રીના મહાપ્રસાદનું આયોજન થશે.

### -//સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, અમરેલીની કોર્ટમાં, અમરેલી//-

અપીલ રજી.નં.૫૭/૨૦૨૩

**અરજદાર :-** શ્રી ભીમજીભાઈ જીણાભાઈ હીરપરા,
રે.પીપળલગ, તા.જી.અમરેલી,

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. પીપળલગ,તા.જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના પીપળલગ ગામના રહીશ શ્રી ભીમજીભાઈ જીણાભાઈ હીરપરાએ તેઓના ભાઈશ્રી ભરતભાઈ જીણાભાઈ હિરપરાનો જન્મ તા.૧૫/૦૮/૧૯૭૩ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૫/૦૬/૨૦૨૩ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

(કોર્ટનો સિક્કો)

**સહી,**
**સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ અમરેલી**

## સૌરાષ્ટ્ર યુનિ.માં એમસીએ સેમ-૪માં ટોપ-૧૦માં સંકુલની પાંચ વિદ્યાર્થિનીઓ



કાનેરીયા મૌસમી વી. | બાંભરોલીયા પર્લી એન. | માધડ પરીતા બી. | વસોયા ધ્રુવિ જી. | ભારી સીફા કે.

અમરેલી, તા. ૧૯

શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની એમ.સી.એ. સેમ-૪ ની લેવાયેલ પરીક્ષામાં અમરેલીની પટેલ સંકુલની એમ.એલ. કાકડીયા એમ.સી.એ. મહિલા કોલેજની પાંચ વિદ્યાર્થિનીઓએ ટોપ ૧૦માં સ્થાન મેળવી સંકુલ પરિવારનું ગૌરવ વધારતાં મેનેજમેન્ટ તથા પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે. આ પાંચ વિદ્યાર્થિનીઓમાં કાનેરીયા મૌસમી યુનિવર્સિટી સેકન્ડ, બાંભરોલીયા પર્લી યુનિ. થર્ડ, માધડ પરીતા યુનિ. ફીફ્થ, વસોયા ધ્રુવિ યુનિ. સીક્સ્થ અને ભારી સીફા યુનિ. સેવન્થ આવીને યુનિવર્સિટીના ટોપ ટેનમાં સ્થાન પ્રાપ્ત કર્યુ છે.

આમ આ વિદ્યાર્થિનીઓએ ઉત્કૃષ્ટ પરિણામ પ્રાપ્ત કરતાં ચારે તરફથી અભિનંદન સાથે ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે.


વી. કે. મોટર્સ
VK MOTORS
Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE




તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com



KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય,
સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.

નીર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨

શ્રી વલ્લભ એન્ટરપ્રાઇઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી









OREVA e BIKE
રાધે મોટર્સ
ઓથો. ડીલર : OREVA, AMPERE
દરેક કંપનીના ઈ-વ્હીકલ રીપેરીંગ કરી આપનાર
શોપ નં. ૫-૬, આર.પીપળીયા શોપીંગ સેન્ટર, સ્ટેશન રોડ, અમરેલી
Mo. 7405252300
AMPERE By GREAVES



# તું ભાગની ત્રણ વીઘા જમીન આપી દે કહેતા પ્રૌઢને કોદાળીનો ઘા માર્યો

અમરેલી, તા.૧૯

અમરેલીના રાજસ્થળી ગામે એક પ્રૌઢને તું મારા ખેતરમાંથી ચાલતો નહીં તેમ કહેવામાં આવ્યું હતું. જેથી પ્રૌઢે તું મારા ભાગની ત્રણ વીઘા જમીન આપી દે તેમ કહેતા કોદાળીનો ઘા મારવામાં આવ્યો હતો. બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી હતી. નાગજીભાઈ સામતભાઈ પરમાર (ઉ.વ.૫૯)એ પ્રવિણભાઈ વાલજીભાઈ પરમાર સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ પોતાની વાડીએ શેઢામાં વાડ સરખી કરતા હતા તે દરમિયાન આરોપીએ કહ્યું કે, તું મારા ખેતરમાંથી ચાલતો નહી. જેથી તેમણે, તું મારા ભાગની ત્રણ વીઘા જમીન આપી દે તેમ કહ્યું હતું. જેથી આરોપીને સારૂ નહી લાગતા ગાળો આપી જાનથી મારી નાખવાના ઈરાદે કોદાળીના ઘા મારી ગંભીર ઈજા પહોચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ પ્રવિણભાઈ વાલજીભાઈ પરમાર (ઉ.વ.૪૮)એ નાગજીભાઈ સામતભાઈ પરમાર સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ તેમના ખેતરમાં પાણી ભરાયેલું હોવાથી નિકાલ કરવા ગયા ત્યારે આરોપીએ પોતાના હાથમાં કુહાડી લઈને આવી કહ્યું કે, તું અહીંયા કેમ આવ્યો છો, તને અહીં આવવાની ના પાડી છે તેમ કહી ગાળો આપી હતી. ઉપરાંત કુહાડી વડે ઘા મારી ઈજા પહોંચાડી હતી. અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ.જે.ગોંડલીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# ગાધકડા ગામે ખેતરમાં સાતી હાંકવા મુદ્દે મોટા બાપુજીએ ભત્રીજાને ફટકારી ધમકી આપી

**તમારે શું લેવા દેવા છે. તેમ કહેતા આરોપી ઉશ્કેરાઇ ગયા હતા**

સાવરકુંડલા, તા.૧૯

સાવરકુંડલાના ગાધકડા ગામે ખેતરમાં સાતી હાંકવા મુદ્દે મોટા બાપુજીએ તેના ભત્રીજાને ગાળો બોલી, માર મારી ઈજા પહોંચાડી હતી. ઉપરાંત જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે સૌરવભાઈ અરવિંદભાઈ વાઘેલા (ઉ.વ.૨૩)એ મથુરભાઈ જેઠાભાઈ વાઘેલા (ઉ.વ.૪૯) સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, મથુરભાઈ, સૌરવભાઈના મોટા બાપુજી છે. બંને પક્ષોની ખેતીની જમીન એક જ શેઢે આવેલી છે. મથુરભાઈએ તેમના હાથમાં લાકડી લઈ દુકાને આવી કહ્યું કે, તમે સુરેશભાઈ મકવાણાને શું કામ ખેતરમાં સાતી હાંકવા બોલાવ્યો હતો. તે મારો દુશ્મન છે. જેથી તેમણે અમે કામકાજ માટે ગમે તેને બોલાવીએ તમારે શું લેવા દેવા છે. તેમ કહેતા આરોપી ઉશ્કેરાઈ ગયા હતા. ગાળો દઈ લાકડીના ઘા મારી ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે ફરિયાદ નોંધાતા સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એ.એસ. આઈ એમ.કે.સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

# અપહરણના ગુનામાં ભોગ બનનારને અમરેલી સિટી પોલીસે પેટ્રોલિંગ દરમિયાન શોધ્યા

**આગળની કાર્યવાહી માટે તલોદ પોલીસ સ્ટેશનને સોંપી દેવામાં આવ્યા**

અમરેલી, તા.૧૯

અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પીઆઈ પેટ્રોલિંગમાં હતા તે સમયે અમરેલી એસટી બસ સ્ટેન્ડ ખાતેથી સાબરકાંઠાના તલોદ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા અપહરણના ગુનાના આરોપીને ભોગ બનનાર સાથે ઝડપી લીધા હતા. જે બાદ તેમને આગળની કાર્યવાહી માટે તલોદ પોલીસ સ્ટેશનને સોંપી દેવામાં આવ્યા હતા. આ કામગીરી અમરેલી સિટી પીઆઈ ડી.કે.વાઘેલાની સૂચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી સિટી પોલીસ સ્ટેશન ટીમ દ્વારા કરવામાં આવી હતી.

# ગીર સોમનાથમાં પૂરની સ્થિતિ સામે પહોંચી વળવા અમરેલી ફાયર વિભાગની ટીમ રવાના

અમરેલી,તા ૧૯




રાજ્યમાં હવામાન વિભાગ દ્વારા ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે ત્યારે સૌરાષ્ટ્રના ગીર સોમનાથ જીલ્લામાં સૌથી વધારે વરસાદ પડવાના કારણે પૂરની સ્થિતિ સર્જાઈ છે જેના કારણે લોકોની મદદ માટે અમરેલી ઈમરજન્સી કાર્યરત ટીમ ફાયર ઓફિસરો સાથે રવાના કરાઈ છે. ઈમરજન્સી સેવાની જરૂર પડશે ત્યાં આ ટીમ પહોંચશે. વેરાવળ સ્ટેન્ડ બાય રહેશે અને તંત્ર સૂચના આપે તે મુજબ ગામ અને શહેરમાં લોકોની મદદ કરવા પહોચશે. કેમ કે ગીર સોમનાથ જીલ્લામાં સૌથી વધારે વરસાદના કારણે રોડ રસ્તા, હાઈવે ઉપર પાણી ફરી વળ્યાં છે જેના કારણે પૂરની સ્થિતિ સર્જાઈ છે. કેટલાક ગામ બેટમાં ફેરવાયા છે જેના કારણે લોકો પૂરના પાણીમાં ફસાય નહિ તે માટે આ ફાયર ટીમ મદદ કરશે અને લોકોની વ્હારે આવશે.

# અમરેલીમાં કુંકાવાવ જકાતનાકા પાસેથી પાંચ શકુની ઝડપાયા

અમરેલી, તા.૧૯

અમરેલીમાં કુંકાવાવ જકાતનાકા સુળીયાટીંબા ભાંડવાડમાં જાહેરમાં જુગાર રમતાં ૫ ઈસમોને પોલીસે રંગેહાથ ઝડપી લીધા હતા.

તેમની પાસેથી ૩૧૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. વિજયભાઈ ભાખરભાઈ ચાવડા, સીદીશા બાદરશા રફાઈ, ફીરોજશા સીદીશા રફાઈ, ઈસાભાઈ ગનીભાઈ માંડલીયા તથા ગુલાબશા ઉર્ફે પોપટશા મોતીશા રફાઈને હારજીતનો તીનપત્તીનો જુગાર રમતા રોકડા રૂ.૩૧૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી કરી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ એન.બી.ગોહિલ વધુ તપાસ કરી રહ્યા છે.

# બનેવીએ બહેનને સંતાનો સાથે કાઢી મૂકી સાળીને ભગાડી જતાં સાળાએ ઝેરી દવા પીધી

ધારી, તા.૧૯

ધારી પંથકમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. બનેવીએ બહેનને સંતાનો સાથે કાઢે મૂકી હતી અને સાળીને લઈ ભાગી ગયો હતો. જેથી સાળાને લાગી આવ્યું હતું અને ઝેરી દવા પી લેતા સારવાર અર્થે ખસેડાયો હતો. જ્યાં તેનું સારવાર દરમિયાન મોત થયું હતું. યુવકના મોતના પગલે પરિવારજનો શોકમગ્ન બની ગયા હતા.

આ અંગે અજયભાઈ મનુભાઈ શાખ (ઉ.વ.૩૨) એ જાહેર કર્યા મુજબ, મૃતક વિજયભાઈ મનુભાઈ શાખ (ઉ.વ.૩૫)ના બનેવીએ તેમના બહેનને સંતાનો સાથે માવતરે કાઢી મૂકી અને મરણજનારની નાની બહેન આશાબેનને મરણજનારના બનેવી લઈ ગયેલ હોય જે વાતનું મરણજનાર વિજયભાઈને મનોમન લાગી આવતા પોતે પોતાની મેળે ઘઉંમાં નાખવાનો ઝેરી દવાનો પાઉડર પી જતા સારવાર દરમિયાન મરણ પામ્યા હતા. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કુમારસિંહ કેશુભા રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલાની કાણકીયા કોલેજમાં રાષ્ટ્રહિતમાં છાત્રોની ભૂમિકા વિષય પર વ્યાખ્યાન યોજાયું

સાવરકુંડલા, તા.૧૯

સાવરકુંડલાની કાણકીયા કોલેજના સભાખંડમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ આયોજિત તથા અમરેલી જિલ્લા વિસ્તારક અજયભાઈ જીંજાળાના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રહિતમાં છાત્રોની ભૂમિકા વિષય પર વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓને ભારત દેશ, આપણી સંસ્કૃતિ, આપણો વારસો અને વર્તમાન વિકાસ અંગે ઊંડાણપૂર્વક વાતો કરી દેશમાં તેમની શું ભૂમિકા હોઈ શકે તે અંગે માહિતગાર કરાયા હતા. કોલેજના પ્રિ.ડો. એસ.સી.રવિયા દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન, મેહુલભાઈ ત્રિવેદી (પ્રિન્સિપાલ શ્રી, ગાધકડા સ્કૂલ) દ્વારા રાષ્ટ્રહિતમાં છાત્રોની ભૂમિકા અંગે પ્રવચન કર્યુ હતું.

# ૧૦ હજારનું ઈનામ ધરાવતાં વોન્ટેડ આરોપીને અમરેલી એલસીબી ટીમે ઝડપ્યો

અમરેલી, તા.૧૯

અમરેલી જિલ્લામાં ગુનાઓ આચરી નાસતા ફરતા આરોપીને ઝડપવા એસપીએ સૂચના આપી છે. જે અનુસંધાને અમરેલી એલીસીબી ટીમે ઘરફોડ ચોરીના ગુનામાં સંડોવાયેલા તથા અમરેલી જિલ્લાના ચાર ગુનાઓમાં વોન્ટેડ રૂ. ૧૦ હજારના ઈનામી આરોપીને ઝડપી લીધો હતો. મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના જોબટ તાલુકાના પનેરી ગામનો રાઘુ ઉર્ફે રાજુ હિરૂભાઈ ઉર્ફે હિરાભાઈ બાઘેલ સામે ૨૦૧૩માં લીલીયા પોલીસ સ્ટેશનમાં ઘરફોડ ચોરીનો ગુનો નોંધાયો હતો. જે બાદ નાસતો ફરતો હતો. આરોપી પર રૂ. ૧૦,૦૦૦નું ઈનામ પણ જાહેર કરાયું હતું. તેને ટેકનિકલ સોર્સ અને બાતમીના આધારે તેના વતનથી ઝડપી લેવામાં આવ્યો હતો. આ કામગીરી અમરેલી એલસીબી પીઆઈ એ.એમ. પટેલ, પીએસઆઈ એમ. બી.ગોહિલ, એ.એસ.આઈ જિગ્નેશભાઈ અમરેલીયા, યુવરાજસિંહ રાઠોડ, પોલીસ કોન્સ્ટેબલ ભાવિનગીરી ગોસ્વામી, યુવરાજસિંહ વાળા, હરેશભાઈ કુંવરદાસ દ્વારા કરવામાં આવી હતી.

# ધારીના છતડીયા ગામે ભાગિયું ન રાખવા મુદ્દે ખેડૂત પર હુમલો કર્યો

**ખેડૂતની પત્ની, પુત્રને પણ ધમકી આપી**

ધારી, તા.૧૯

ધારીના છતડીયા ગામે રહેતા માતા-પુત્ર પર ભાગિયું ન રાખવા મુદ્દે હુમલો કરવામાં આવ્યો હતો. બંનેને ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ સંદર્ભે લાલજીભાઈ પ્રાગજીભાઈ દોંગા (ઉ.વ.૭૫)એ તેમના જ ગામના સંજયભાઈ મનુભાઈ રવાદરા, વિજયભાઈ મનુભાઈ રવાદરા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના પુત્ર કાંતીભાઈએ છતડીયા ગામના નરેશભાઈ મકવાણાનું ભાગિયું રાખ્યું હતું. જે આ કામના આરોપીઓને સારું નહોતું લાગ્યું. ત્રણ દિવસ પહેલા બપોરે દોઢેક વાગ્યે તેમના ઘરની બહાર સંજયભાઈ રવાદરાએ તેમને કપાળના ભાગે કુહાડીના હાથાનો એક ઘા મારીને ઢીકાપાટુનો મૂઢમાર માર્યો હતો. વિજયભાઈ રવાદરાએ તેમના પત્નીને ધક્કો મારી પછાડી દઈ જેમ ફાવે તેમ ગાળો આપી તેમના દીકરાને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ધારી પોલીસ સ્ટેશનના વુમન હેડ કોન્સ્ટેબલ એ.જે.નાગર વધુ તપાસ કરી રહ્યા છે.

# ડેડાણ ગામે ખેતરમાંથી ટાશ લેવા મહિલાઓ બાખડી: સામસામી ફરિયાદ

ખાંભા, તા.૧૯

ખાંભા તાલુકાના ડેડાણ ગામે ખેતરમાંથી ટાશ લેવા મુદ્દે બે પક્ષોમાં માથાકૂટ થઈ હતી. બંને પક્ષોએ એકબીજા સામે ફરિયાદ નોંધાવી હતી. નસીમબેન અકબરખાં પઠાણ (ઉ.વ.૩૦)એ બાનુબેન હિંમતખા પઠાણ તથા કાસમભાઈ હિંમતખા પઠાણ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ તથા તેના પતિ વાડીએ કામ કરતા હતા ત્યારે આરોપીઓ તેમની વાડીમાંથી ટાશ ભરતા હતા. જેથી તેમણે માટી શું કામ ભરો છો, તેવું કહેતા સારૂ નહોતું લાગ્યું અને લોખંડની પાઈપના બે ઘા વાંસામાં માર્યા હતા. ઉપરાંત ગાળો બોલી, વાળ પકડી શરીરે ઢીકાપાટુનો મૂઢમાર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ બાનુબેન હિંમતભાઈ પઠાણ (ઉ.વ.૫૦)એ નસીમબેન અકબરખા પઠાણ અને અકબરખા દિલાવરખા પઠાણ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમનો પુત્ર વાડીએ ટાશ ભરતો હતો ત્યારે નસીમબેને આવીને તમે મારા ખેતરમાંથી ટાશ શું કામ ભરો છો? કહ્યું હતું. જેથી તેમણે કહ્યું કે, આ ખેતર અમારૂ છે. આથી સારૂ નહી લાગતા હાથમાં રહેલા દાતરડાનો એક ઘા ડાબા હાથના બાવડા ઉપર માર્યો હતો. જે બાદ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ નાગજીભાઈ સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરા શરાફી મંડળીની બોર્ડની મિટિંગ લીલીયા મુકામે યોજાઈ

બગસરા, તા. ૧૯




બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીની બોર્ડ ઓફ ડિરેક્ટરની મિટિંગ લીલીયા ખાતે યોજાઈ હતી. મંડળીના સ્થાપક ચેરમેન રશ્વિનભાઈ ડોડીયાના અધ્યક્ષ સ્થાને યોજાયેલી મિટિંગમાં લીલીયા શાખાના એમડી પરીનભાઈ રાજપુરા, લીલીયા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ તરીકે ચૂંટાતા તેમજ ડિસ્ટ્રિક્ટ ચેમ્બરના ઉપપ્રમુખ તરીકે વરણી કરાતા તેઓનું મંડળી દ્વારા ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. મિટિંગમાં આવક જાવકના હિસાબો રજૂ કરાયા હતા. ઉપરાંત વડોદરા મુકામે નવી શાખા ખુલવા જઈ રહી છે તે અંગે ચર્ચા વિચારણા કરવામાં આવેલ. આ મિટિંગમાં વિવિધ શાખાઓના એમડી, ડિરેક્ટર તથા એડવાઈઝરી બોર્ડ મેમ્બરો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત લીલીયાના સરપંચ જીવનભાઈ વોરા, હોમગાર્ડ કમાન્ડર અશોકભાઈ જોશી, મહેન્દ્રસિંહ સરવૈયા, ખોડાભાઈ માલવીયા, વિઠ્ઠલભાઈ વંડરા, રસિકભાઈ વંડરા, જયેશભાઈ ઉનડકટ, ઘનશ્યામભાઈ બારૈયા, જયેશ જોબનપુત્રા, જયેશભાઈ મહેતા, હરિભાઈ ધોરાજીયા, કિશોરભાઈ પાઠક, કાળુભાઈ વાળા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન એમડી નિતેશ ડોડીયા, આભાર દર્શન જનરલ મેનેજર ડી.જી. મહેતાએ કર્યુ હતું તેમ લીલીયા શાખાના સેક્રેટરી ધર્મેશભાઈ ગાયજનની અખબારી યાદીમાં જણાવાયું છે.

# બગસરા મેઘાણી હાઈસ્કૂલમાં રસીકરણ કેમ્પ યોજાયો




બગસરા, તા.૧૯

રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ - આર.બી.એસ.કે ટીમ બગસરા દ્વારા મેઘાણી હાઈસ્કૂલ ખાતે ટીટેનસ-ડીપ્થેરિયા ટીડી રસીકરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી ડો.જોશી, ડો. સાલ્વી, તાલુકા ઓફિસર ડો. બલદાનીયાના માર્ગદર્શન હેઠળ અર્બન બગસરા સ્ટાફ દ્વારા આ રસી ધોરણ ૫ અને ધોરણ ૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આપવામાં આવશે. મેઘાણી સ્કૂલમાં આ રસી અંગે આરબીએસકેના ડો.ગૌરવ કાપડિયા અને અર્બન બગસરાના ડો.કે. દેવમુરારી દ્વારા વિદ્યાર્થીઓને રસી અંગે માહિતગાર કરી આરોગ્યલક્ષી શિક્ષણ આપવામાં આવ્યું હતું. રસીકરણમાં ડો.અલ્પાબેન, અર્બન સ્ટાફ પાયલ બેન, શોભનાબેન, આશાવર્કર બેહેનો, શાળાના આચાર્ય સોલંકી અને શિક્ષકોએ સહકાર આપ્યો હતો. બગસરાની તમામ શાળામાં ધોરણ ૫ અને ધોરણ ૧૦ ના વિદ્યાર્થીઓને ટીડી રસીકરણથી રક્ષિત કરવામાં આવશે.




કાર, બાઈક, ટ્રેકટર, સનેડો / મીની ટ્રેકટર, ટ્રોલી, ટ્રક, છોટાહાથી, બોલેરો, બસ તમામ વાહન માટેના

ટાયર - ટ્યુબ, બેટરી, ઓઈલ - ગ્રીસ, વ્હીલ - પ્લેટ - ધરા, જેક - ફીલ્ટર, ટુલ્સના હોલસેલ તેમજ રીટેલ વિક્રેતા

TVS TYRES | YOKOHAMA | CEAT | Veedol | BOSCH | HP | MRF | JK TYRE | MICHELIN | Castrol | TAPARIA

સંજય ટાયર્સ — દુ.નં.૧૪-૧૫-૧૬, બ્રાહ્મણ બોર્ડિંગ, અજમેરા સ્કૂલ સામે, બસસ્ટેશન રોડ, અમરેલી

સંજય ટ્રેડ લીંક — સફારી પાર્ક, લાઠી બાયપાસ રોડ, ટોયોટા શોરૂમ પાસે, અમરેલી

તંત્રી લેખ

## પર્યાવરણને નામે શ્રીમંત દેશોનું શોષણ

અમેરિકા, ફ્રાંસ, જાપાન સહિતના અમીર દેશો તથા યુરોપિયન સંઘ આબોહવાને નામે અન્ય દેશો પર ગેર વ્યાજબી ટેક્સ નાખી ગરીબ દેશો માથે પર્યાવરણ સુધારવાની જવાબદારી નાખવા પ્રયત્ન કરી રહ્યા છે.

શ્રીમંત દેશો કાર્બન ઉત્સર્જનની જવાબદારી લેવા તૈયાર નથી અને પર્યાવરણીય સમસ્યાને પહોંચી વળવા માટે નિકાસકાર દેશોને પૂરતી ગ્રાન્ટ કે ધિરાણ આપવા પણ તૈયાર નથી. ઊલટાનું એ દેશો એવા રસ્તા શોધી રહ્યા છે જેમાં ગરીબ દેશોને એમના પોતાના ખર્ચે કાર્બન ઉત્સર્જન ઘટાડવાનું કહી શકાય. તાજેતરમાં એમણે રજૂ કરેલા આંતરરાષ્ટ્રીય કરવેરાના પ્રસ્તાવો એમના આ જ આશયની સાખ પૂરે છે. આજકાલ ચર્ચામાં રહેલા બે પ્રસ્તાવ છેઃ કાર્બન બૉર્ડર ઍડજસ્ટમેન્ટ મિકેનિઝમ (સીબીએએમ) અને જહાજો દ્વારા થતા કાર્બન ઉત્સર્જન પરનો પ્રસ્તાવિત કર. સીબીએએમ એટલે ટૂંકમાં કહીએ તો અમુક ચીજવસ્તુઓની યુરોપિયન યુનિયનમાં થતી નિકાસ પર લાદવામાં આવેલી જકાત. કોઈ આયાતી વસ્તુ જો યુરોપમાં બને તો એમાં થયેલા કાર્બન ઉત્સર્જનને કારણે એ વસ્તુના ભાવમાં જે ફરક આવે એને સરભર કરવા માટે આ જકાત (ટૅરિફ) લદાય છે.

આમ, ખરું પૂછો તો જકાત દ્વારા ઊભો કરાયેલો આ એક અવરોધ છે, જેનો હેતુ નિકાસકારોને ઓછું કાર્બન ઉત્સર્જન કરતી ઉત્પાદનપદ્ધતિ અપનાવવાની ફરજ પાડવાનો છે. આમાં સવાલ એ ઊભો થાય છે કે આવી ફરજ પાડવાને બદલે આયાત પર પ્રતિબંધ કેમ નથી મૂકાતો? જવાબ સરળ છે. પ્રતિબંધ મુકાય તો યુરોપીય સંઘે આયાતી ચીજવસ્તુ વિના ચલાવી લેવું પડે, જે શક્ય નથી. આ જકાતને લીધે ટૂંકા ગાળામાં યુરોપીય સંઘની આવક વધશે અને નિકાસકારોને કિંમત ઘટાડવા માટે નફાનો ગાળો અને વેતનદર ઘટાડવાની ફરજ પડશે. આ વિચાર અનેક કારણોસર ખોટો છે. આ કિસ્સામાં તો જ્યાં વેચાણ થવાનું છે તે સ્થળે જકાત લદાય છે. સીબીએએમ મહદંશે કાચી સામગ્રી પર લદાય છે, તૈયાર ચીજવસ્તુ પર નહીં. આવી ચીજોની નિકાસ આફ્રિકાના દેશો અને યુરોપના પાડોશી દેશોમાંથી થાય છે. એ દેશો પહેલાં પણ પ્રદૂષણ ફેલાવનારા દેશો નહોતા અને આજે પણ નથી. રહી વાત જહાજોના કાર્બન ઉત્સર્જન પરના પ્રસ્તાવિત ટૅક્સની. એની પાછળનો વિચાર એવો છે કે જહાજી પરિવહન સેવાઓમાં કાર્બન ઉત્સર્જનને ગણતરીમાં લેવામાં નથી આવતું એટલે એનાં નૂરભાડાં ઓછાં હોય છે. યુરોપીય સંઘે એવું ધારી લીધું છે કે આ ટૅક્સને કારણે કાં તો જહાજોની હેરફેર ઓછી થવાથી ઓછું કાર્બન ઉત્સર્જન થશે અથવા તો ઓછું ઉત્સર્જન કરતી કોઈક વૈકલ્પિક શિપિંગ ટેક્નોલૉજી (જે હાલમાં છે જ નહીં) ઉપયોગમાં લેવાશે.

આ સમસ્યા નાથવા માટે કેટલાંક પગલાં વિશે વિચારણા થઈ છે, જેમાં આવી આવકમાંથી મહદંશે વિકાસશીલ દેશોને મદદ કરવાનો પ્રસ્તાવ છે. પરંતુ સીબીએએમ અને શિપિંગ ટૅક્સનું ભારણ ગરીબ દેશો પર આવવાનું છે. પહેલાં ગરીબ દેશો પર નિરર્થક વધારાનો ભાર નાખવો અને પછી તેમના તરફ રાહતના ટુકડા ફેંક્વા એ ક્યાંનો ન્યાય? અન્ય એક નક્કર પ્રસ્તાવ છે ગરીબ દેશોને એવી ટેક્નોલૉજી આપવાનો જેમાં કાર્બન ઉત્સર્જન ઓછું થાય. જો કે એ માટે ગ્રાન્ટ અપાય તો સવાલ એ આવે કે એવી ગ્રાન્ટ જ આપવાની હોય તો શિપિંગ ટૅક્સ કે સીબીએએમ લાદવાં જ શું કામ જોઈએ? વળી, વાત ગ્રાન્ટ આપવાની નહીં, ધિરાણ આપવાની છે જેનો બોજ પણ નીચી આવક ધરાવતા દેશોને ભારે પડે તેમ છે.

# વિપક્ષી એકતાના સ્પીડ બ્રેકર અનેક છે




વિપક્ષો ભાજપને હરાવવા માટે એક મંચ પર આવે છે પરંતુ દર વખતે તેને સર્વ સંમતિ મળતી નથી પરંતુ તાજેતરમાં સમાન નાગરિક સંહિતાના અમલ બાબતમાં ભાજપના સહયોગી પક્ષો જે રીતે ભાજપની વિરુદ્ધ ગયા છે તે જોતા હવે વિપક્ષોને એવી આશા બંધાણી છે કે ભાજપ આ મુદ્દા પર નબળો પડી જશે અને ૨૦૨૪ માં પોતાની સત્તા સ્થાપી શકશે. આમ છતાં આ બાબતમાં અનેક સ્પીડ બ્રેકર જ છે કે જે તેને માટે દિલ્હી દૂર હોય તેવું સાબિત થશે.

સમાન નાગરિક સંહિતા લાગુ કરવાની વાત કરતી ભાજપ સરકાર હવે આ મામલે એકલી પડી રહી હોય તેવું લાગે છે. યુસીસીને લઈને દેશભરમાં થઈ રહેલા વિરોધમાં હવે ભાજપના સહયોગી પક્ષો પણ પણ સામેલ થઈ જતા વિપક્ષોના નેતાઓ મોજમાં આવી ગયા છે. આ દળમાં હવે તામિલનાડુમાં ભાજપનો સહયોગી પક્ષ પીએમકે પણ સામેલ થયો છે. પીએમકેના કહેવા પ્રમાણે યુસીસી રાષ્ટ્રીય એકતા અને વિકાસની સામે છે. પીએમકે ભારત સરકારના સમાન નાગરિક સંહિતા માટે સંવિધાનમાં કોઈ પણ પ્રકારનું સંશોધન ન કરવાનો આગ્રહ કરશે કારણ કે એનાથી ભારતમાં અલ્પસંખ્યકોના ધાર્મિક અધિકારો ઉપર પ્રતિકૂળ પ્રભાવ પડે તેવું વિપક્ષોને લાગે છે. અહીં એવું લાગે છે કે વિપક્ષી એકતામાં સૌથી મોટું સ્પીડ બ્રેકર કોંગ્રેસ પોતે જ બની રહી છે.

કોંગ્રેસ પાર્ટીના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ ભારતની લોકતાંત્રિક વ્યવસ્થા અંગેના તેમના નિવેદનો કર્યા તેના ઘેરા પ્રત્યાઘાત રૂપે તેની ગુડવીલ ઘટી છે. વડાપ્રધાન ફ્રાન્સ અને યુએઈની મુલાકાતે ગયા તેની ટીકા કરતા રાહુલ ગાંધીએ કહ્યું કે એક બાજુ મણીપુર સળગી રહ્યું છે ત્યારે માનનીય વડાપ્રધાન વિદેશના પ્રવાસો માણી રહ્યા છે. આવા નિવેદનોથી તેની ગુડવીલ ઘટી છે કારણ કે આ પ્રવાસથી ભારતને ખૂબ મોટો લાભ થવાનો છે આમ તેનો નેગેટિવ એપ્રોચ કોંગ્રેસને બેકફૂટમાં ધકેલશે.

ભારતના તમામ રાજકીય પક્ષો ભેગા થઈને આગામી ૨૦૨૪ ની સંસદની ચૂંટણીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પડકાર આપવા માટે એક મંચ પર આવવાના પ્રયાસો કરી રહ્યા છે પરંતુ આ પ્રયાસો હજી સુધી સફળ થયા નથી તેનું મુખ્ય કારણ છે મુખ્ય રાજકીય પક્ષોના નેતાઓનો અંગત સ્વાર્થ. આ અંગત સ્વાર્થને કારણે વિપક્ષી એકતા થાય તે શક્ય જ નથી. કારણ કે દરેક મોટા નેતાને વડાપ્રધાન પદની ખુરશી પર બિરાજમાન થવું છે આથી એક મંચ પર તમામ નેતાઓ આવે તો છે જ પણ બધા વચ્ચે સર્વ સંમતિ સ્થપાતી નથી. આ નેતાઓને સૌથી મોટો ભય રાહુલ ગાંધીનો છે. રાહુલ ગાંધીએ ગત વર્ષે ભારત યાત્રા કરી અને ભારતમાંથી વ્યાપક રીતે જન સમર્થન પ્રાપ્ત કરવા માટે જે પ્રયાસો કર્યા તેને ઝાઝી સફળતા મળી નથી પરંતુ મુખ્ય વિપક્ષોના નેતાઓને ભય છે કે જો રાહુલ ગાંધીનું કદ વધી જશે અને તે વડાપ્રધાન પદના દાવેદાર બનશે તો પોતે ખુરશી વગરના રહી જશે. આ ભયને કારણે મોટાભાગના નેતાઓને રાહુલ ગાંધીને સત્તા પ્રાપ્તિના રાજમાર્ગના સ્પીડ બ્રેકર તરીકે જોઈ રહ્યા છે અને આથી વિપક્ષી એકતા થાય તેવી કોઈ શક્યતા નજીકના ભવિષ્યમાં દેખાતી નથી. બીજી બાજુ વિદેશમાં જઈને રાહુલ ગાંધીએ જે બફાટ કર્યો છે અને ભારતની ક્રેડિટને ધક્કો પહોંચાડ્યો છે એને કારણે સંસદમાં ભારે હોબાળો થયો હતો. ભાજપ રાહુલ ગાંધીના મુદ્દાને ખૂબ જ ગંભીર માને છે. વિશેષાધિકારનો આ મુદ્દો સૌથી ઉપર છે. અમે તેને ગંભીરતાથી લેવા માંગીએ છીએ. મારી પાર્ટી તમામ નિયમો અને સંમેલનોનો ઉપયોગ કરવાનો પ્રયાસ કરશે. જે કંઈપણ સંબંધિત છે. રાષ્ટ્ર માટે એ બધા માટે ચિંતાનો વિષય છે. જો કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ દેશનું અપમાન કરે તો અમે ચૂપ રહી શકીએ નહીં."


**મુખ્ય રાજકીય પક્ષોના નેતાઓનો અંગત સ્વાર્થ ભાજપ માટે ફાયદારૂપ છે. આ અંગત સ્વાર્થને કારણે વિપક્ષી એકતા થાય તે શક્ય જ નથી. કારણ કે દરેક મોટા નેતાને વડાપ્રધાન પદની ખુરશી પર બિરાજમાન થવું છે આથી એક મંચ પર તમામ નેતાઓ આવે તો છે પણ બધા વચ્ચે સર્વ સંમતિ સ્થપાતી નથી**

**પ્રાસંગિક**
સુરેશ દેસાઈ

'રાહુલ ગાંધીએ જે કહ્યું તેનાથી દેશને નુકસાન થયું છે. જેના કારણે ગૃહને નુકસાન થયું છે. કેટલાક લોકોને દેશની પ્રતિષ્ઠાની પરવા નથી. રાહુલે આરોપોને ફગાવી દીધા હતા. ભાજપની માફીની માંગ પર રાહુલ ગાંધીએ કહ્યું કે તેમણે ભારત વિરોધી કંઈપણ કહ્યું નથી. તેમણે કહ્યું કે જો મને પરવાનગી મળશે તો હું સંસદમાં બોલીશ.

રાહુલ ગાંધીએ લોકશાહીનું અવમૂલ્યન કર્યું છે, તેનાથી ભાજપના સમર્થકો નારાજ છે. હકીકતમાં તેમણે ખુશ થવું જોઈએ. કેમકે રાહુલ અને કોંગ્રેસ જેટલા મજબૂત થશે, તેટલો જ સંયુક્ત વિપક્ષ નબળો પડશે. આ વિરોધાભાસને કેવી રીતે સમજશો? આજે દેશનો વિરોધપક્ષ વહેંચાયેલો છે. એક તરફ કોંગ્રેસના નેતૃત્વવાળું યુપીએ છે, જેની સાથે તેના જુના ગઠબંધન સાથી એટલે શરદ પવારની એનસીપી, એમ.કે.સ્ટાલિનની ડીએમકે અને સીતારામ યેચુરીની સીપીઆઈ એમ છે. તેઓ ૨૦૨૪માં રાહુલને મહાગઠબંધનના વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે જોવા માગે છે. બીજી તરફ મમતા બેનરજી અને અરવિંદ કેજરીવાલ જેવા મહત્ત્વાકાંક્ષી સ્થાનિક નેતાઓ છે, જે રાહુલનો વિરોધ કરે છે. બીજા પણ કેટલાક છે, જેમણે પોતાના પત્તા હજુ ખોલ્યા નથી અને જેમનું ધ્યાન પોતાની જમીન બચાવવા પર કેન્દ્રિત છે, જેમકે જગમોહન રેડ્ડી, નવીન પટનાયક, અખિલેશ યાદવ. આ બધા ચિંતિત છે કે રાહુલના નેતૃત્વમાં કોંગ્રેસ તેમની સંભાવનાઓને નુકસાન પહોંચાડી શકે છે. જેનો સીધો ફાયદો ભાજપને થશે. એટલે જ રાહુલ એક રાષ્ટ્રીય નેતા તરીકે જેટલા મજબૂત થશે, વિરોધ પક્ષની એક્તાનો ઈન્ડેક્સ તેટલો નબળો દેખાશે. મમતા અને કેજરીવાલ રાહુલના મુદ્દે એકમત થાય તેવી સંભાવના નહિવત છે. જો વિરોધ પક્ષે ૨૦૨૪ની ચૂંટણી જીતવી છે તો તેણે એકજૂથ બનવું પડશે, પરંતુ મોદીને પડકાર આપનારા નેતા તરીકે રાહુલનો ઉદય વિપક્ષને એક કરશે નહીં પરંતુ વહેંચી નાખશે. તેલંગાણાના મુખ્યમંત્રી કેસીઆરનું જ ઉદાહરણ જુઓ. તેઓ બંને તરફથી રમી રહ્યા છે. છેલ્લા ચાર વર્ષથી તેઓ કોંગ્રેસના ટીકાકાર રહ્યા છે, પરંતુ ઈડી દ્વારા તેમની પુત્રી પર લગાવાયેલા આરોપો પછી તેમને કોંગ્રેસ સાથે સમાધાન કરવાનું ઉચિત લાગ્યું છે, પછી ભલે તે ટૂંકાગાળાનું કેમ ન હોય. કારણ કે જે દારૂ ગોટાળામાં તેમની પુત્રી કવિતાનું નામ આવ્યું છે, તેના તાર આમ આદમી પાર્ટી સાથે જોડાયેલા છે, એવામાં હવે તેમને આમ આદમી પાર્ટીની હરીફ કોંગ્રેસની મદદ લેવાની જરૂર લાગી રહી છે. સંસદમાં મહિલા અનામત ખરડા પર જે રીતે કવિતાએ સોનિયા ગાંધીને સહયોગ આપવાનો પ્રસ્તાવ મૂક્યો, તે એ બાબતનો સંકેત છે. આ સ્થિતિ એવા સમયે છે જ્યારે તેલંગાણામાં કેસીઆરની સીધી ટક્કર કોંગ્રેસ સાથે જ છે. ૨૦૨૪ની ચૂંટણીને ધ્યાનમાં રાખીને વિરોધ પક્ષો સામે આજે સૌથી મોટો પડકાર પોતાની એકતા ટકાવી રાખીને નરેન્દ્ર મોદીને પડકાર આપનારા કોઈ એક નામ પર પરસ્પર સહમતી બનાવવાનો છે.

## શબ્દ સંજોગ-૧૬૩૬



**આડી ચાવી :**
(૧) એશિયા ખંડમાં આવેલો એક દેશ (૨)
(૩) ઈશ્વરકૃપા, સદભાગ્ય (૪)
(૭) લશ્કરી વહાણ (૪)
(૯) બાળકોની એક રમત (૪)
(૧૧) ધૂળનો કણ (૪)
(૧૩) ખ્યાલ, છાપ (૨)
(૧૪) દાદરા નગર... (૩)
(૧૫) સન્નારી (૨)
(૧૬) મનનો તરંગ (૩)
(૧૮) ....થી....કદાપી ન શમે (૨)
(૧૯) બાળભાષામાં ચાવણું (૨)
(૨૨) ગુણે વખણાયેલુ, ગંધે વગોવાયેલુ (૩)
(૨૪) એક ફળ (૩)
(૨૫) છીણીને કરેલો છૂંદો (૩)
(૨૭) હંસ (૩)
(૨૮) એક જાતના દરિયાઈ પ્રાણીનું કોટલુ જે ફૂંકવાથી અવાજ થાય છે (૨)
(૨૯) ખેલ, ક્રિડા (૩)

**ઉભી ચાવી :**
(૧) બહાદુરી (૩)
(૨) દિન, દિવસ (૨)
(૩) ....મટી એટલે વૈદ વેરી (૩)
(૪) સ્મશાન (૩)
(૬) સ્ત્રીઓને પહેરવાનું એક ઘરેણુ (૨)
(૯) મરનારની મિલકતનો હકદાર (૩)
(૧૦) આતુરતા, ચટપટી (૪)
(૧૨) એક ફૂલ (૩)
(૧૩) સૂર્ય, સૂરજ (૨)
(૧૫) બારણાનું એક ચોકઠું (૪)
(૧૬) ઉત્તમ, સારુ (૩)
(૧૭) એક જ નામથી ઓળખાતો લોકસમૂહ (૨)
(૧૮) ગૃહિણીનું હાથવગુ હથિયાર (૩)
(૨૦) ઠંડીમાં ગળે બાંધવાનો પટ્ટો (૪)
(૨૧) શિયાળામાં તો આ નિયમિત કરવી જ જોઈએ (૪)
(૨૩) એક ફરસાણ (થયુ-અવળુ) (૩)
(૨૬) ચાળીસ શેરનું તોલ (૨)

## શબ્દ સંજોગ-૧૬૩૫ જવાબ

**આડી ચાવી:** (૧) અંબાજી (૩) વગવસીલો (૬) ગરાસ (૭) ગમ (૮) નહેર (૧૨) પ્રે (૧૩) શક્તિ (૧૪) અફર (૧૬) રાબ (૧૭) દળ (૧૮) મકર (૧૯) નખ (૨૦) ના (૨૧) નામ (૨૨) રુંડ (૨૫) સર (૨૭) ફરક. (૨૮) વાદળિયું.
**ઉભી ચાવી:** (૧) અંગત (૨) જીગર (૩) વસન (૪) વગર (૫) સીમ (૯) હેમ (૧૦) મુક્તિ (૧૧) શ્રીફળ (૧૩) શબનમ (૧૪) અદકેરું (૧૫) શંકર (૨૧) નારદ (૨૩) ડફ (૨૪) અંક (૨૫) સવા (૨૬) ખોયું.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૯૦ | ૧૪૫૮ |
| ઘઉં લોકવન | ૪૨૧ | ૪૬૯ |
| ઘઉં ટુકડા | ૪૩૭ | ૫૨૬ |
| જુવાર સફેદ | ૯૫૦ | ૧૦૫૦ |
| જુવાર પીળી | ૪૯૫ | ૬૧૧ |
| બાજરી | ૩૦૫ | ૪૪૫ |
| તુવેર | ૧૩૦૦ | ૧૮૫૦ |
| ચણા પીળા | ૮૯૦ | ૯૯૦ |
| ચણા સફેદ | ૧૮૦૦ | ૨૪૩૦ |
| અડદ | ૧૪૬૦ | ૧૬૨૫ |
| મગ | ૧૪૧૦ | ૧૮૬૮ |
| વાલ દેશી | ૨૯૫૦ | ૩૨૬૦ |
| વાલ પાપડી | ૩૧૨૫ | ૩૩૧૧ |
| ચોળી | ૧૯૬૭ | ૨૨૬૮ |
| વટાણા | ૭૫૦ | ૧૨૦૪ |
| કળથી | ૧૧૭૫ | ૧૬૬૫ |
| સીંગદાણા | ૨૦૭૫ | ૨૩૮૦ |
| મગફળી જાડી | ૧૪૨૧ | ૧૭૭૪ |
| મગફળી જીણી | ૧૩૭૦ | ૧૬૦૦ |
| તલી | ૩૦૦૦ | ૩૪૦૪ |
| સુરજમુખી | ૫૬૦ | ૭૧૦ |
| એરંડા | ૧૧૮૦ | ૧૨૨૩ |
| અજમો | ૩૦૫૦ | ૩૬૯૨ |
| સુવા | ૩૪૦૦ | ૩૬૦૦ |
| સોયાબીન | ૮૨૦ | ૯૨૦ |
| સીંગફાડા | ૧૩૭૫ | ૧૮૭૫ |
| કાળા તલ | ૧૬૮૦ | ૩૨૬૮ |
| લસણ | ૧૧૫૦ | ૨૦૫૦ |
| ધાણા | ૧૨૫૦ | ૧૪૫૦ |
| ધાણી | ૧૩૩૦ | ૧૭૪૦ |
| વરીયાળી | ૪૨૦૦ | ૪૭૫૧ |
| જીરૂ | ૧૦,૪૦૦ | ૧૨,૩૩૬ |
| રાય | ૧૧૫૦ | ૧,૩૯૦ |
| મેથી | ૧૨૫૦ | ૧૬૬૦ |
| ઇસબગુલ | ૩૬૦૦ | ૩૬૦૦ |
| અશેરીયો | ૧૭૫૦ | ૧૭૫૦ |
| કલોંજી | ૩૨૦૦ | ૩૪૪૫ |
| રાયડો | ૯૦૦ | ૧૦૧૦ |
| રજકાનું બી | ૩૪૫૦ | ૫૧૦૦ |
| ગુવારનુ બી | ૧૦૦૦ | ૧૧૫૦ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| કેરી કાચી | ૨૩૦ | ૫૬૦ |
| લીંબુ | ૨૫૦ | ૫૩૦ |
| પપૈયા | ૨૨૦ | ૪૫૦ |
| બટેટા | ૧૫૦ | ૩૫૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૨૯૦ |
| ટમેટા | ૧૭૦૦ | ૨૫૫૦ |
| સુરણ | ૯૦૦ | ૧૨૦૦ |
| કોથમરી | ૧૮૦૦ | ૨૪૦૦ |
| મુળા | ૩૩૦ | ૬૬૦ |
| રીંગણા | ૭૫૦ | ૧૧૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૬૦૦ |
| ફ્લાવર | ૫૦૦ | ૮૫૦ |
| ભીંડો | ૪૫૦ | ૮૭૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૩૦૦ |
| ચોળાસીંગ | ૪૦૦ | ૭૬૦ |

| | | |
|---|---|---|
| ટીંડોરા | ૫૦૦ | ૮૦૦ |
| દુધી | ૩૧૦ | ૭૧૦ |
| કારેલા | ૭૦૦ | ૧૧૦૦ |
| સરગવો | ૩૨૦ | ૫૬૦ |
| તુરીયા | ૭૮૦ | ૧૧૬૦ |
| પરવર | ૫૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૩૭૦ | ૭૬૦ |
| ગાજર | ૪૦૦ | ૮૦૦ |
| વટાણા | ૧૫૫૦ | ૨૧૩૦ |
| ગલકા | ૩૫૦ | ૬૫૦ |
| બીટ | ૨૫૦ | ૪૩૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૫૫૦ |
| આદુ | ૨૬૦૦ | ૩૧૦૦ |
| મરચા લીલા | ૭૫૦ | ૧૩૫૦ |
| મગફળી લીલી | ૬૫૦ | ૧૨૩૦ |
| મકાઇ લીલી | ૨૨૦ | ૩૭૦ |
| **અમરેલી** | | |
| કપાસ | ૭૪૦ | ૧૪૩૬ |
| શિંગ મઠડી | ૧૦૪૦ | ૧૬૯૫ |
| શિંગ મોટી | ૧૧૪૦ | ૧૮૦૧ |
| શિંગ દાણા | ૧૬૦૦ | ૨૩૮૫ |
| શિંગ ફાડા | ૧૪૧૧ | ૨૧૬૦ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૩૪૬૬ |
| તલ કાળા | ૨૦૬૫ | ૩૨૮૯ |
| તલ કાશ્મીરી | ૩૨૦૦ | ૩૪૫૮ |
| જુવાર | ૫૯૭ | ૯૫૦ |
| ઘઉં ટુકડા | ૪૦૧ | ૫૨૦ |
| ઘઉં લોકવન | ૪૮૪ | ૫૦૫ |
| ચણા | ૬૦૦ | ૧૦૨૦ |
| ચણા દેશી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| એરંડા | ૧૧૨૦ | ૧૨૦૧ |
| ધાણા | ૮૬૬ | ૧૩૭૦ |
| ધાણી | ૧૧૫૦ | ૧૫૧૦ |
| અજમા | ૩૫૯૦ | ૩૮૬૦ |
| મેથી | ૮૪૦ | ૧૨૪૮ |
| સોયાબીન | ૮૯૦ | ૯૩૧ |
| **અમરેલી(શાકભાજી)** | | |
| બટેટા | ૨૦૦ | ૨૬૦ |
| રીંગણાં | ૫૦૦ | ૬૦૦ |
| ફુલાવર | ૬૦૦ | ૭૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૦૦ |
| શક્કરિયા | ૫૦૦ | ૬૦૦ |
| ટામેટા | ૧૮૦૦ | ૩૦૦૦ |
| સુરણ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ |
| દૂધી | ૬૦૦ | ૭૦૦ |
| કરેલા | ૭૦૦ | ૯૦૦ |
| ગલકા | ૭૦૦ | ૮૦૦ |
| મૂળા | ૨૦૦ | ૩૦૦ |
| કાકડી | ૫૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ચોળાશીંગ | ૭૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૭૦૦ | ૮૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૩૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૭૦૦ |
| આદુ | ૩૨૦૦ | ૩૫૦૦ |

| | | |
|---|---|---|
| કોથમીર | ૧૨૦૦ | ૧૬૦૦ |
| મેથીભાજી | ૮૦૦ | ૯૦૦ |
| ફુદીનો | ૫૦૦ | ૭૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૦૦ |
| બીટ | ૫૦૦ | ૬૦૦ |
| કંટોલા | ૨૦૦૦ | ૨૨૦૦ |
| સરગવો | ૨૦૦ | ૪૦૦ |
| લીમડો મીઠો | ૧૦૦ | ૨૦૦ |
| મરચા લીલા | ૧૨૦૦ | ૧૪૦૦ |
| મગફળી લીલી | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ડુંગળી લીલી | ૬૦૦ | ૭૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૩૨૦ |
| લસણ લીલુ | ૧૪૦૦ | ૧૬૦૦ |
| લસણ સૂકુ | ૧૨૦૦ | ૨૦૦૦ |
| લીંબુ | ૧૦૦ | ૩૦૦ |
| પાલક | ૪૦૦ | ૫૦૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૪૦૨ | ૧૪૩૮ |
| મગફળી | ૧૨૪૫ | ૧૪૮૫ |
| તલ | ૨૫૨૫ | ૩૧૭૫ |
| તલ કાળા | ૨૫૯૦ | ૩૧૦૦ |
| ઘઉં | ૪૧૮ | ૪૩૨ |
| ચણા | ૯૦૪ | ૯૦૬ |
| **રાજુલા** | | |
| કપાસ | ૮૦૦ | ૧૪૧૫ |
| મગફળી | ૧૨૫૦ | ૧૪૨૫ |
| તલ | ૨૦૦૦ | ૩૪૫૧ |
| બાજરો | ૪૧૧ | ૪૫૯ |
| ઘઉં ટુકડા | ૪૨૦ | ૪૪૯ |
| જુવાર | ૮૬૫ | ૧૦૦૧ |
| મકાઇ | ૪૮૨ | ૪૮૨ |
| મગ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| અડદ | ૧૬૫૧ | ૧૬૫૧ |
| તુવેર | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ચણા | ૮૮૫ | ૧૦૨૫ |
| ધાણા | ૧૦૬૫ | ૧૦૬૫ |
| સોયાબીન | ૯૧૬ | ૯૨૫ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૧૭૫ | ૧૪૨૫ |
| ચણા | ૮૧૧ | ૮૧૧ |
| બાજરો | ૪૨૫ | ૪૨૫ |
| **ધારી** | | |
| ઘઉં | ૪૩૦ | ૪૩૯ |
| ચણા | ૯૨૦ | ૯૨૧ |
| બાજરો | ૪૨૫ | ૪૨૫ |
| ધાણા | ૮૫૦ | ૧૧૧૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૮૧ |
| તલ | ૩૩૦૫ | ૩૩૦૫ |
| **ગોંડલ** | | |
| ટામેટા | ૧૮૦૦ | ૨૮૦૦ |
| મરચા | ૮૦૦ | ૨૪૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૬૦૦ |
| કોબીજ | ૨૦૦ | ૫૦૦ |
| દૂધી | ૨૦૦ | ૮૦૦ |
| ઘીસોડા | ૪૦૦ | ૧૦૦૦ |
| ફુલાવર | ૪૦૦ | ૧૨૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૬૦૦ |

| | | |
|---|---|---|
| ચોરા | ૪૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૨૦૦ | ૬૦૦ |
| રીંગણ | ૨૦૦ | ૧૦૦૦ |
| ભીંડા | ૪૦૦ | ૧૦૦૦ |
| કરેલા | ૪૦૦ | ૧૨૦૦ |
| ગલકા | ૩૦૦ | ૬૦૦ |
| ગાજર | ૪૦૦ | ૮૦૦ |
| વાલોર | ૮૦૦ | ૨૦૦૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૮૦૦ |
| મગફળી લીલી | ૮૦૦ | ૧૪૦૦ |
| શક્કરિયા | ૮૦૦ | ૧૦૦૦ |
| બટાકા | ૨૦૦ | ૨૭૦ |
| કાચા પપૈયા | ૨૦૦ | ૩૦૦ |
| આદુ | ૩૨૦૦ | ૪૪૦૦ |
| મકાઈ લીલી | ૨૦૦ | ૩૦૦ |
| સુરણ | ૮૦૦ | ૧૨૦૦ |
| પરવળ | ૮૦૦ | ૧૨૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૨૭૫ |
| ચણા | ૮૦૭ | ૯૦૦ |
| ઘઉં લોકવન | ૪૪૦ | ૪૪૮ |
| સોયાબીન | ૮૮૦ | ૯૦૦ |
| મગ | ૧૨૫૫ | ૧૨૫૫ |
| સીંગદાણા | ૧૫૦૦ | ૧૬૦૦ |
| લસણ | ૩૩૦ | ૩૩૦ |
| ધાણા | ૮૭૦ | ૧૨૭૫ |
| તલ સફેદ | ૨૯૦૦ | ૨૯૦૦ |
| બાજરી | ૪૧૦ | ૪૧૦ |
| **કોડીનાર** | | |
| બાજરીહાઈબ્રીડ | ૪૦૫ | ૪૪૭ |
| જુવાર | ૭૫૦ | ૧૦૦૦ |
| ચણા | ૮૭૦ | ૯૬૫ |
| તલ કાળા | ૨૭૦૦ | ૩૩૯૦ |
| સફેદ તલ | ૨૬૦૦ | ૩૪૩૦ |
| સોયાબીન | ૯૦૦ | ૯૪૧ |
| ધાણા | ૧૧૨૦ | ૧૩૨૦ |
| **સાવરકુંડલા** | | |
| કપાસ | ૧૧૮૫ | ૧૪૨૧ |
| મગફળી જાડી | ૧૩૫૦ | ૧૫૫૧ |
| સીંગદાણા | ૧૯૫૦ | ૨૦૦૧ |
| તલ | ૩૦૦૦ | ૩૪૨૫ |
| તલ કાળા | ૨૮૦૦ | ૩૨૫૦ |
| જીરૂ | ૧૦,૦૦૦ | ૧૦,૫૦૦ |
| ઘઉં | ૪૩૫ | ૫૦૯ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૪૫૦ |
| બાજરો | ૪૦૦ | ૪૩૭ |
| જુવાર | ૬૫૦ | ૮૬૫ |
| મગ | ૧૫૫૧ | ૧૫૫૧ |
| દેશી ચણા | ૯૦૦ | ૧૦૦૧ |
| તુવેર | ૧૪૫૦ | ૧૬૫૦ |
| એરંડા | ૧૧૨૫ | ૧૧૨૫ |
| રાઈ | ૧૧૬૩ | ૧૧૬૩ |
| ધાણા | ૮૫૦ | ૮૫૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૭૪ |
| **જામનગર** | | |
| જુવાર | ૫૦૦ | ૯૯૦ |
| બાજરી | ૩૦૦ | ૪૫૫ |

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૫૦ | ૪૮૫ |
| તુવેર | ૧૦૦૦ | ૧૭૨૫ |
| ચોળી | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ચણા | ૮૦૦ | ૧૦૦૯ |
| મગફળી -જીણી | ૧૧૦૦ | ૧૬૦૦ |
| મગફળી જાડી | ૧૧૫૦ | ૧૫૫૦ |
| એરન્ડા | ૧૦૦૦ | ૧૨૪૫ |
| તલી | ૨૭૦૦ | ૩૩૯૦ |
| રાયડો | ૯૦૦ | ૧૦૧૬ |
| રાય | ૧૦૦૦ | ૧૨૯૫ |
| લસણ | ૧૦૩૦ | ૨૧૨૦ |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૪૦ |
| જીરૂ | ૯૫૦૦ | ૧૧૭૫૦ |
| અજમો | ૨૦૦૦ | ૪૦૦૦ |
| અજમાની ભુસી | ૫૦ | ૩૩૦૦ |
| ધાણા | ૧૨૦૦ | ૧૪૧૦ |
| ધાણી | ૧૩૦૦ | ૧૫૦૦ |
| સીંગદાણા | ૧૫૨૫ | ૨૫૨૦ |
| સોયાબીન | ૮૫૦ | ૯૨૦ |
| વટાણા | ૫૦૦ | ૮૦૫ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૩૯ |
| ઘઉં | ૩૫૦ | ૪૫૦ |

| | | |
|---|---|---|
| મકાઈ | ૩૦૦ | ૪૫૦ |
| ચણા | ૮૦૦ | ૯૫૦ |
| મગફળી | ૧૦૦૦ | ૧૬૦૦ |
| સીંગદાણા | ૧૭૦૦ | ૨૧૯૦ |
| સીંગફાડા | ૧૫૦૦ | ૧૭૦૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| તલ | ૨૦૦૦ | ૩૪૭૦ |
| મેથી | ૮૮૦ | ૧૧૦૦ |
| ધાણા | ૧૦૫૦ | ૧૨૮૬ |
| સોયાબીન | ૮૯૧ | ૮૯૧ |
| **મહુવા** | | |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૦૩ |
| જુવાર | ૫૪૮ | ૧૧૦૪ |
| બાજરી | ૩૬૧ | ૪૫૭ |
| ઘઉં ટુકડા | ૩૩૫ | ૪૮૦ |
| અડદ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ચણા | ૧૧૫૦ | ૧૩૨૨ |
| તલ સફેદ | ૧૯૦૧ | ૩૬૫૧ |
| તલ કાળા | ૨૪૦૧ | ૩૨૫૧ |
| તુવેર | ૯૮૦ | ૧૪૦૧ |
| ડુંગળી લાલ | ૭૦ | ૩૪૮ |
| નાળીયેર | ૪૦૬ | ૧૭૦૦ |


## ખેતીના તમામ પાક માટે ઉપયોગી

**ગાય આધારિત પ્રવાહી પ્રોડક્ટ**



૧૦૦ ટકા ઓર્ગેનિક ૧૫ એમએલનું પાઉચ ૧૫ લીટરના એક પંપ માટે જરૂરી. ખેતી ખર્ચ ઘટાડો, રેગ્યુલર છંટકાવ કરો.

આપના ગામમાં કામગીરી માટે સંપર્ક કરો....
મો.૯૪૨૬૯૮૯૫૭૬


Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI .No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# બગસરામાં કાન ફાડી નાખે તેવા વાહનોના હોર્ન સામે પોલીસ કાર્યવાહીમાં ઢીલી નીતિ

## બગસરામાં ખાનગી પેસેન્જર વાહનો ઉપર પોલીસની મીઠી નજર

બગસરા ,તા.૧૯

વિગત અનુસાર બગસરામાં કાન ફાડી નાખે તેવા કેટલાક વાહનોના હોર્નથી ચાલીને જતા લોકોમાં પરેશાની થઈ રહી છે. વાહનોમાં નાખવામાં આવતા કાન ફાડી નાખે તેવા હોર્ન સામે ટ્રાફિક પોલીસ કડક પગલાં લઈ દંડ ફટકારે તેવી લોકો દ્વારા માંગ ઉઠી છે. બગસરામાં ચાલતા અનેક ખાનગી વાહનોમાં મસ મોટાં હોર્ન નાખતા ટ્રાફિકના નિયમોનો ઉલાળિયો કરવામાં આવતો હોય તેવું દેખાઈ રહેલ છે ત્યારે આ ખાનગી વાહનોના આવા મસ મોટાં હોર્નથી રાહદારી અને રહેવાસીઓને બહુ મોટી તકલીફ પડી રહેલ છે. નાના બાળકો અને મોટી ઉંમરના લોકો માંડ સુતા હોય ત્યાં હોર્ન વગાડીને આવા વ્યક્તિઓ પરેશાનીમાં મૂકી દે છે. બાળકો અને મોટી ઉંમરના લોકોની ઉંઘ બહુ ઓછી હોય છે જ્યારે માંડ સુતા હોય ત્યાં આવા હોર્ન વગાડી લોકોની ઉંઘમાં ખલેલ પહોંચાડે છે તો આવા તમામ વાહનો પર પોલીસ કડક કાર્યવાહી કરે એવી લોકોમાં માંગ ઉઠી છે. ઘણા સમય પહેલા આવા ખાનગી પેસેન્જર વાહનોમાં આવા મસ મોટા હોર્ન ઉપર પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી પરંતુ હાલ તો જાણે આવા પેસેન્જર વાહનો સાથે ટ્રાફિક પોલીસની મીલીભગત હોય તેવું માલૂમ પડી રહેલ છે કે પછી પોલીસ આવા વાહનોથી અજાણ છે તેવુ લોકમુખે ચર્ચાઈ રહ્યુ છે.

# સૌરાષ્ટ્ર યુનિ. સેનેટની ચૂંટણીના બિનહરીફ સભ્ય ભરત મકવાણાનું માધ્યમિક શિક્ષક સંઘ દ્વારા સન્માન

અમરેલી, તા. ૧૯



સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સેનેટની ચૂંટણીમાં રાજકોટ ખાતે શિક્ષક વિભાગમાંથી સભ્ય તરીકે અમરેલીના બંસીધર વિદ્યાલયના શિક્ષક ભરતભાઈ મકવાણા બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા. ત્યારબાદ વિવિધ સંસ્થાઓ દ્વારા તેમનું સન્માન કરવામાં આવી રહ્યું છે. જેના અનુસંધાને અમરેલી જિલ્લા ગ્રાન્ટેડ માધ્યમિક શિક્ષક સંઘ દ્વારા પણ તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. અમરેલી જિલ્લા શિક્ષક સંઘ દ્વારા ભરતભાઈ મકવાણાનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે અમરેલી જિલ્લા ગ્રાન્ટેડ માધ્યમિક શિક્ષક સંઘના પ્રમુખ પ્રવીણભાઈ વસરા, મહામંત્રી પરેશભાઈ રાઠોડ, અશરફભાઈ પરમાર તેમજ કે.સી. ભોગાયતા અને હોદ્દેદારો, કારોબારી સભ્યો તથા બહોળી સંખ્યામાં શિક્ષકમિત્રો હાજર રહ્યા હતા.

# કોડીનારમાં જાહેરમાં જુગાર રમતા પાંચ જુગારીઓ ઝડપાયા

કોડીનાર,તા.૧૯




ગીરસોમનાથ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણીના ભાગરૂપે પ્રોહીબિશેન જુગારની અસામાજિક પ્રવૃત્તિ નેસ્તનાબુદ કરવા પોલીસ પેટ્રોલીંગમાં હોય તે દરમ્યાન બાતમી આધારે કોડીનારના ધરાર નગરમાં જાહેર જગ્યામાં જુગારની રેઈડ દરમિયાન રમજાનભાઈ ઈમામશા શામદાર, રફીકભાઈ દાદાશા બાનવા, આશીફભાઈ વિલાતભાઈ જલાલી, હનીફભાઈ અલ્લારખાભાઈ બાનવા, અબ્બાસભાઈ અનવરભાઈ જલાલી ઝડપાયા હતા. આ દરમિયાન આરોપીઓ પાસેથી કુલ કિં.રૂ.૧૨,૧૯૦ નો મુદ્દામાલ મળી આવ્યો હતો.

# ગોઢાવદર પ્રાથમિક શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

લીલીયા, તા.૧૯



લીલીયા તાલુકાના ગોઢાવદર ગામે પ્રાથમિક શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. ઉપરાંત એસબીઆઈ બેન્કના માધ્યમથી બાળકો માટે નવા એકાઉન્ટ ખોલવાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે એસબીઆઈ લીલીયામાંથી અધિકારી તેમજ બાળકોના વાલીઓ અને સરપંચ તેમજ મહિલાઓ તથા એસએમસીના સભ્યો હાજર રહ્યા હતા. એસબીઆઈના સ્ટાફ દ્વારા બાળકોના એકાઉન્ટ ખોલી આપવામાં આવ્યા હતા અને એસબીઆઈના ગજેન્દ્રભાઈના હસ્તે વૃક્ષારોપણ કરાયું હતું. શાળાના આચાર્ય દ્વારા બેંકના કર્મચારીઓ અને ઉપસ્થિત સૌનો આભાર વ્યકત કરાયો હતો.

# કોડીનારની કોટડા પ્રાથમિક શાળામાં આંતરરાષ્ટ્રીય ન્યાય દિવસ ઉજવાયો

કોડીનાર,તા.૧૯




તાલુકા કાનૂની સેવા સમિતિ, વન વિભાગ અને ત્રિનેત્ર ફાઉન્ડેશન ચેરીટેબલ ટ્રસ્ટ કોડીનારના સંયુક્ત ઉપક્રમે કોટડા પ્રાથમિક શાળા મુકામે આંતરરાષ્ટ્રીય ન્યાય દિન ઉજવાયો હતો. આ દિવસનો હેતુ પીડિતોના અધિકારોને પ્રોત્સાહન આપવા અને તેમના ન્યાયને સમર્થન આપવા માટે દરેકને એક કરવાનો છે. આ પ્રસંગે બાળકોને વૃક્ષોની જાળવણી તેમજ રોપણી અને પર્યાવરણ કાયદાઓ વિશે સમજવામાં આવ્યું હતું. પી.એલ.વી. પ્રકાશ જે. મકવાણા, મોહિત દેસાઈ, રવિ સોસા અને ત્રિનેત્ર ફાઉન્ડેશનના સભ્ય રાહુલભાઈ સોસા, મયુરભાઈ સોસા તેમજ શાળાના આચાર્ય નિર્મલાબેન વાઢેળ તેમજ સામાજિક વનીકરણ રેન્જ કોડીનારના વનકર્મી તેમજ શાળાનો સ્ટાફ હાજર રહ્યા હતા.

# અમરેલીમાં શક્તિગૃપ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સર્વરોગ નિદાન, રક્તદાન કેમ્પ યોજાયો

## યુવા આગેવાન મનિષ સંઘાણી સહિતના ઉપસ્થિત રહ્યા

અમરેલી, તા. ૧૯




અમરેલીમાં ચિતલ રોડ પર આવેલ મહારાષ્ટ્રીયન સમાજની વાડી ખાતે ક્ષત્રિય સમાજના સ્વ. જીલુભાઈ વિરાભાઈ વાળાની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે શક્તિગૃપ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અમરેલીના અર્બન હેલ્થ સેન્ટરના સ્ટાફના સહયોગથી સર્વરોગ નિદાન કેમ્પ તથા વિવિધ સરકારી યોજના માટેનો કેમ્પ અને બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં વિવિધ રોગનું નિદાન કરી નિઃશુલ્ક દવાઓ પણ આપવામાં આવી હતી. ઉપરાંત સરકારની વિવિધ યોજનાઓ જેવી કે, આયુષ્યમાન કાર્ડ અને શ્રમકાર્ડ જરૂરીયાતવાળા લોકોને કાઢી આપવામાં આવ્યા હતા. આ તકે રાધિકા ગોળ હોસ્પિટલ અને નેત્ર ચિકિત્સા ટ્રસ્ટનો સ્ટાફ જેમાં ડો. હિરલ ગોહિલ તથા ડો. પૂજા ચોટાઈ તેમજ અર્બન હેલ્થ સેન્ટરમાંથી ડો. કોમલબેન ડાભી અને નવનીતભાઈ માધડ તેમજ મયુરભાઈ ખાનપરા સી.એચ.સી. સેન્ટરમાંથી પોતાની સેવાઓ આપી હતી.

# વીજપડી ગામે આવેલ પીજીવીસીએલ કચેરીને વિભાજીત કરવા ઉઠતી લોકમાંગ

## ગ્રાહકોને કનેક્શન આપવા બીલીંગની કામગીરી વગેરેમાં સ્ટાફ ઓછો

સાવરકુંડલા. તા.૧૯



સાવરકુંડલા તાલુકા હેઠળ વીજપડી પીજીવીસીએલમાં લગભગ ૫૨ ગામો આવરી લેવામાં આવ્યા છે જેમાં સાવરકુંડલા તાલુકાના અંદાજિત ૨૯ ગામ તેમજ રાજુલા તાલુકાના ૨૧ ગામનો સમાવેશ કરવામાં આવેલ છે. જેમાં આઠ ફીડર આવેલા છે. ખેતીવાડી અને જ્યોતિગ્રામ ફોલ્ટ આવે ત્યારે વધારે ગામોના કારણે વધુ પ્રમાણમાં કામગીરી રહેતી હોવાથી તાત્કાલીક પાવર ચાલુ થઈ શકતો નથી. બાવન ગામના ફોલ્ટ એટેન્ડ કરવા, નવા ગ્રાહકોને કનેક્શન આપવા, બીલીંગની કામગીરી વગેરેમાં સ્ટાફ ઓછો હોય અને કામગીરી વધારે પ્રમાણમાં હોવાથી આ અંગે તાત્કાલિક નિર્ણય લઈ વીજપડી ઓફિસને બે ભાગમાં વિભાજીત કરી ગ્રાહકોને સંતોષકારક કામગીરી થાય અને ગ્રાહકોને સંતોષ મળે તેવી લોકમાંગ ઉઠી છે.

# અમુલ ડેરીના સહકારી આગેવાનો ભાજપ છોડી કોંગ્રેસમાં જોડાયા

(એ.આર.એલ),અમદાવાદ,તા.૧૯




લોકસભા ચૂંટણી પૂર્વે સહકારી અગ્રણીઓએ કોંગ્રેસ સાથે જોડાવાની શરૂઆત કરી છે. અમુલ ડેરીના ડિરેક્ટર જુવાનસિંહ ચૌહાણ તેમના સમર્થકો સાથે ભાજપ છોડી કોંગ્રેસમાં જોડાયા છે. સહકારી ક્ષેત્રમાં ભાજપની દરમિયાનગીરી અને રાજનીતિથી કંટાળી જુવાનસિંહે કોંગ્રેસમાં ઘરવાપસી કરી હોવાનું જણાવ્યું છે. છેલ્લી બે ટર્મથી જુવાનસિંહ અમુલના ડિરેક્ટર તરીકે ચૂંટાઈ આવે છે. વિધાનસભા ચૂંટણી ૨૦૨૨માં ટિકિટ ના મળતા નારાજ થઈ તેમણે કોંગ્રેસ છોડી હતી.

# ધોરાજીમાં વરસાદથી થયેલ નુકસાનીનો સર્વે કરવા મામલતદાર દ્વારા સૂચના

## ધોરાજી પંથકમાં એક સાથે ૧૨ ઈંચ કરતાં વધારે વરસાદ પડતાં વ્યાપક નુકસાન

ધોરાજી, તા. ૧૯



ધોરાજી શહેર અને ગ્રામ્ય પંથકમાં અનરાધાર અતિ ભારે વરસાદથી વ્યાપક પ્રમાણમાં નુકસાની થઈ છે. આ નુકસાનીનો સર્વે કરવા મામલતદાર દ્વારા શહેરી વિસ્તાર માટે ચીફ ઓફિસર અને ગ્રામ્ય વિસ્તારો માટે ટીડીઓને આદેશ કરવામાં આવ્યો છે. ધોરાજી શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં ગત મંગળવારના રોજ એક સાથે ૧૨ ઈંચ કરતા વધારે વરસાદ ખાબકતા શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. જેમાં અમુક વિસ્તારોમાં લોકોના ઘરો અને દુકાનોમાં પાણી ઘૂસી ગયા હતા. જયારે ગ્રામ્ય વિસ્તારોમાં ખેતરો તળાવમાં ફેરવાઈ જતાં કૃષિ પાકોને ખૂબ જ નુકસાની પહોંચી છે. જેનો સર્વે કરી વળતર માટે કાર્યવાહી કરવામાં આવશે.

# બરવાળા બાવીશી ગામે કોર્ટ કેસ મુદ્દે કુટુંબીજનો બાખડ્યા

વડીયા, તા.૧૯

વડીયાના બરવાળા બાવીશી ગામે કુટુંબીજનોમાં કોર્ટ કેસ મુદ્દે માથાકૂટ થઈ હતી. જેને લઈ રોહિતભાઈ મધુભાઈ વઘાસીયાએ ચંદુભાઈ ભાયાભાઈ વઘાસીયા તથા એક અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમની તથા તેમના કાકાની વડીલોપાર્જિત મિલકતમાં આરોપીને ખોટી રીતે ભાગ પડાવવો હતો. જે બાબતનું મનદુઃખ ચાલતું હતું અને નામદાર કોર્ટ વડીયા તથા અમરેલી ખાતે સિવિલ કેસ અને મારામારીનો કેસ ચાલુ હોવાથી તેમને સારું નહોતું લાગ્યું. જેની અદાવતમાં તેમણે લોખંડની પાઈપ વડે ફટકારીને ઢીકાપાટુનો મૂઢમાર મારી ગાળો બોલી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. વડીયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એચ. કે.મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# કોડીનાર તાલુકાના ડોળાસા પંથકમાં સવા બે ઈંચ વરસાદ ખાબકતા ખેતરો પાણી પાણી

ડોળાસા, તા. ૧૯



રાજયભરમાં એક મહિના કરતા વધારે સમયથી સતત વરસી રહેલા વરસાદથી લગભગ તમામ જળાશયો અને ડેમ તથા નદી, નાળા છલકાઈ ગયા છે. અનરાધાર વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. હવે તો સૂર્યના દર્શન પણ દુર્લભ બન્યા છે અને વરાપ નહીં નીકળવાના કારણે મોલાતો નિષ્ફળ જઈ રહી છે. વરસાદ હવે પોષવાને બદલે નુકસાની કરી રહ્યો છે. દરમ્યાન કોડીનાર તાલુકામાં પણ સતત વરસાદથી લોકો ત્રસ્ત થઈ ચૂક્યા છે. ત્યારે આજે પણ કોડીનાર પંથકના ડોળાસા તેમજ આજુબાજુના ગામોમાં સવારથી ધીમી ધારે વરસાદ ચાલુ જ છે. જે સાંજના ૬ વાગ્યા સુધીમાં સવા બે ઈંચ સુધી પહોંચી ગયો હતો. કુલ મળીને સિઝનનો ૨૮ ઈંચ આજુબાજુ વરસાદ નોંધાયો છે. કોડીનારના ડોળાસા વિસ્તારમાં આવેલ ચંદ્રભાગા, શાંગવડી, માંઢ અને રૂપેણ નદીના પ્રવાહમાં વધારો થયો છે. જયારે પીછવી તળાવ અને પાંચ પીપળવાનો ડેમ ઓવરફ્લો થયો છે.

**રાજુલાના મે. સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં મું. રાજુલા**

જન્મ/મરણ અરજી નંબર ૧૭૭/૨૦૨૩

અરજદાર :- જીવણભાઈ હાદાભાઈ ખસીયા
સરનામું :- મું. નાગેશ્રી, તા. જાફરાબાદ, જી.અમરેલ

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી રજીસ્ટર અને તલાટી-કમ-મંત્રીશ્રી, નાગેશ્રી
મું. નાગેશ્રી તા.જાફરાબાદ, જી.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના નાગેશ્રી ગામના શ્રી જીવણભાઈ હાદાભાઈ ખસીયા એ તેમના પુત્ર નામે શ્રી ભાવેશકુમાર જીવણભાઈ ખસીયા નો જન્મ તા.૧૩/૧૨/૧૯૯૨ નાં રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી કિર્તી બી. પરમાર મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૧૯, માહે.જુલાઈ, સને. ૨૦૨૩ નાં રોજ મારી સહિ તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ:રાજુલા
તા.૧૯/૭/૨૦૨૩

કોર્ટનો સિક્કો

સહી,
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
રાજુલા

**-//સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, ગોંડલની કોર્ટ સમક્ષ-ગોંડલ//-**

નં.એમ.એ.જી./જન્મ-મરણ/રજી. કેસ નં.૧૦૪/૨૦૨૩ તા. ૧૧/૦૭/૨૦૨૩

**-::જાહેર નોટીસ::-**

(૧) ચંદુભાઈ નાથાભાઈ વેકરીયા
મુ. મોટા દડવા, તા.ગોંડલ .......અરજદાર

-//વિરૂધ્ધ//-

(૨) રજિસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અધિકારી અને
તલાટી-કમ મંત્રીશ્રી મોટા દડવા ગ્રામ પંચાયત, તા.ગોંડલ ......સામાવાળા

**વિષય: જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની નોટીસ**

આ જાહેર નોટિસથી લાગતા-વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રીશ્રી વેકરીયા હેતલબેન ચંદુભાઈનો જન્મ તા.૦૬/૦૮/૧૯૮૭ ના રોજ મોટા દડવા મુકામે થતા, તેમના જન્મની નોંધ જે-તે વખતે સામાવાળાનાં જન્મ રજીસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો-તકરાર હોય તેઓએ અત્રેની કોર્ટ સમક્ષ જરૂરી આધાર-પુરાવા સાથે તા.૨૫/૦૭/૨૦૨૩ ના રોજ ૧૨:૩૦ કલાકે પ્રાંત કચેરી, તાલુકા સેવા, પ્રથમ માળ, ૨૧ સ્ટેશન પ્લોટ, ગોંડલ ખાતે હાજર રહેવા મુદત મુકરર કરવામાં આવેલ છે. આ મુદતે અરજદાર/તમો સામાવાળા જે કોઈ આધાર-પુરાવા રજુ કરવા માંગતા હોય તે જાતે અથવા કાયદેસરના મુખત્યાર મારફત રજુ કરવા હાજર રહેશો. મુદતે હાજર રહેવામાં કસુર કરશો તો તમારે આ બાબતે કાંઈ કહેવાનુ નથી તેમ માની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે જાણશો.

આજ તા.૧૧/૦૭/૨૦૨૩ ના રોજ મારી સહી તથા કોર્ટની મહોર સાથે નોટીસ બહાર પાડવામાં આવેલ.

કોર્ટનો સિક્કો

સહી,
સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ
ગોંડલ

જે સ્ત્રીની માંગમાં સિંદુર, ગળામાં મંગળસૂત્ર ન હોય તો સમજો પ્લોટ ખાલી છેઃ બાગેશ્વર ધામ ધીરેન્દ્ર શાસ્ત્રી

# "સિંદુર અને મંગળસૂત્ર" નિવેદન પર મહિલા આયોગમાં આઝાદ અધિકાર સેનાએ ફરિયાદ કરી

(એ.આર.એલ),નોઈડા,તા.૧૯



બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રીના મહિલાઓ અંગે આપેલા નિવેદન પર મહિલા સંગઠનોએ વાંધો ઉઠાવ્યો છે. આઝાદ અધિકાર સેના નામના સંગઠનની રાષ્ટ્રીય મહાસચિવ નૂતન ઠાકુરે બાગેશ્વર ધામ પીઠાધીશના આ નિવેદન સામે રાષ્ટ્રીય મહિલા આયોગમાં ફરિયાદ કરી છે. ઉલ્લેખનીય છે કે ધીરેન્દ્ર શાસ્ત્રીએ ગ્રેટર નોઈડામાં પોતાની કથા દરમિયાન મહિલાઓને સિંદુર અને મંગળસૂત્રનો ઉલ્લેખ કર્યો હતો. તેમની તુલના ખાલી પ્લોટ સાથે કરી હતી. ત્યારબાદ આઝાદ અધિકાર સેના નામના સંગઠનના રાષ્ટ્રીય મહાસચિવ નૂતન ઠાકુરે બાબા બાગેશ્વર સામે રાષ્ટ્રીય મહિલા આયોગથી ફરિયાદ કરી હતી. ઠાકુરે આરોપ લગાવ્યો હતો કે ધીરેન્દ્ર શાસ્ત્રીએ ગ્રેટર નોઈડામાં આયોજિત ભાગવત કથા દરમિયાન મહિલાઓ માટે અપશબ્દો કહ્યા હતા. જેના કારણે ભારતની મહિલાઓ પોતાને લજ્જીત અને અપમાનિત અનુભવી રહી છે. નૂતન ઠાકુરે દાવો કર્યો છે કે ધીરેન્દ્ર શાસ્ત્રીના નિવેદન બાદ સોશિયલ મીડિયા ઉપર મીમ બનાવીને મહિલાઓ માટે તમામ પ્રકારની અભદ્ર ટિપ્પણીઓ કરવામાં આવી રહી છે.

# વિપક્ષોની આગામી બેઠકમાં જાહેરાત થવાની સંભાવના, નીતિશ કુમાર ઈન્ડિયાના સંયોજક બનશે

ઈન્ડિયા શબ્દ પર નહીં પરંતુ ભારતમાં ડેમોક્રેટિક શબ્દ પર વાંધો હતો

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૯



વિરોધ પક્ષોના ગઠબંધન 'ભારત'ની આગામી બેઠકમાં નીતિશ કુમારને સંયોજક બનાવવાની જાહેરાત થઈ શકે છે. સૂત્રો જણાવી રહ્યા છે કે નીતિશને સંયોજક બનાવવાની બાબતને આખરી ઓપ આપવામાં આવ્યો છે, જેની જાહેરાત મુંબઈમાં કરવામાં આવશે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પણ કહ્યું છે કે ૧૧ સભ્યોની કો-ઓર્ડિનેશન ટીમ બનાવવામાં આવશે, જેમાં એક સંયોજક હશે. ૧૭ અને ૧૮ જુલાઈએ બેંગલુરુમાં વિરોધ પક્ષોની બીજી બેઠક યોજાઈ હતી, જેમાં ૨૬ પક્ષોએ ભાગ લીધો હતો. આ પહેલા પટનામાં યોજાયેલી પ્રથમ બેઠકમાં ૧૫ વિપક્ષી દળોએ ભાગ લીધો હતો. સૂત્રોએ એ પણ જણાવ્યું કે નીતિશ કુમારને ઈન્ડિયા શબ્દ પર નહીં પરંતુ ભારતમાં ડેમોક્રેટિક શબ્દ પર વાંધો હતો. વિપક્ષી દળોની બેઠકમાં તેમણે વાંધો ઉઠાવ્યો અને કહ્યું કે એનડીએમાં ડેમોક્રેટિક શબ્દ આવે છે, તેથી ડેમોક્રેટિકને બદલે વિકાસ શબ્દ રાખવો જોઈએ. લગભગ અડધો કલાક સુધી આ અંગે ચર્ચા ચાલી અને અંતે નીતિશના સૂચનને સ્વીકારવામાં આવ્યું.

વિપક્ષી દળો ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પહેલા રણનીતિ પર ચર્ચા કરવા માટે બેંગલુરુમાં એકજૂથ થયા હતા.

રેપ, નિકાહ, ૧૦૦ના સ્ટેમ્પ પર ધર્માંતરણ

# મુસ્લિમ યુવકે હિંદુ યુવતીને પ્રેમજાળમાં ફસાવીને બળાત્કાર ગુજાર્યોઃ ત્રણની ધરપકડ

(એ.આર.એલ),મુંબઈ,તા.૧૯



મહારાષ્ટ્રના મુંબઈમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. આરોપ છે કે મુસ્લિમ યુવકે હિંદુ યુવતીને પ્રેમજાળમાં ફસાવીને બળાત્કાર ગુજાર્યો હતો. ત્યારબાદ અશ્લીલ વીડિયો બનાવી બળજબરીથી નિકાહ કરવા દબાણ કર્યું હતું. આટલું જ નહીં કાઝીની મદદથી ૧૦૦ રૂપિયાના સ્ટેમ્પ પેપર પર બળજબરીથી ધર્મપરિવર્તન કરાવ્યું હતું. યુવતી સાથે માનવતાની હદ વટાવી દેવામાં આવી, જેની કહાની ખૂબ જ દર્દનાક છે. પીડિતાએ પોલીસને જણાવ્યું કે તેના પિતાને કેન્સર છે. ફેબ્રુઆરી ૨૦૨૨માં તેનો પરિચય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ દ્વારા સબીઉદ્દીન નામના યુવક સાથે થયો હતો. પીડિતાના જણાવ્યા મુજબ, એક દિવસ સબીઉદ્દીન અચાનક તેને મુંબઈના વાકોલા ખાતે મળવા આવ્યો અને કહ્યું કે તેના પિતાનો જન્મદિવસ છે. ત્યાર બાદ ઘટના બની હતી

# ભારતનો મોસ્ટ વોન્ટેડ આતંકવાદી અબુ તલહાની બાંગ્લાદેશમાંથી ધરપકડ કરાઈ

ઢાકામાં ધરપકડ કરાયેલા તલહા હવે બાંગ્લાદેશ પોલીસની કસ્ટડીમાં છે

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૯



ભારતનો મોસ્ટ વોન્ટેડ અલ કાયદાનો આતંકવાદી ઈકરામુલ હક ઉર્ફે અબુ તલહા અને તેની પત્ની ફારિયા આફરીનની બાંગ્લાદેશમાં ધરપકડ કરવામાં આવી છે. જણાવી દઈએ કે તેનું નામ ભારતના મોસ્ટ વોન્ટેડ આતંકવાદીઓની યાદીમાં છે. તેના નામ પર ઓછામાં ઓછા ૧૦ કેસ નોંધાયેલા છે. આતંકવાદી વિશે તપાસ કરવા પર ખબર પડી કે તે ઈકરામુલ હક છે. અને તેની પત્ની પાસે પણ ભારતીય પાસપોર્ટ હતો. પરંતુ અલ કાયદા ઈન ઈન્ડિયન સબકોન્ટિનેન્ટ (એકયુઆઈએસ)ના નેતા ઈકરામુલ હક ઉર્ફે અબુ તલ્હા અને તેની પત્ની ફારીહા આફરીન અનિકા બાંગ્લાદેશી નાગરિક છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, તપાસ દરમિયાન, જાસૂસોને જાણવા મળ્યું કે આફરીન ઉર્ફે મરિયમ ખાતૂનના 'પિતા', પશ્ચિમ બંગાળના કૂચ બિહારના રહેવાસી નજ્નુ મિયા ફરાર છે. પોતાને ભારતીય નાગરિક ગણાવતી મરિયમ ખાતુનના પાસપોર્ટમાં તેના પિતાનું નામ નજ્નુ મિયાં છે. જાસૂસોને ખબર પડી કે નજ્નુને મારિયા નામની કોઈ દીકરી નથી. આ પછી તપાસમાં સામે આવ્યું કે આ મરિયમ પણ બાંગ્લાદેશની નાગરિક છે. થોડા મહિના પહેલા જાસૂસો દ્વારા પકડાયેલ નજ્નુની પૂછપરછ કરવામાં આવી હતી અને તે એકયુઆઈએસના સ્લીપર સેલનો સભ્ય હોવાનું જાણવા મળ્યું હતું.

# મુંબઈમાં મેઘો મંડાયો : સમગ્ર શહેરમાં ૫ ઈંચ વરસાદ, ઠેર ઠેર જળબંબાકાર

(એ.આર.એ),મુંબઈ,તા.૧૯



મુંબઈમાં સતત ધોમધકાર વરસાદ પડી રહ્યો છે અને શહેરના મોટાભાગના વિસ્તારોમાં ચારથી પાંચ ઈંચ પાણી પડી ગયું હતું જોકે, આજે વરસાદનું જોર ઘટયા બાદ દિવસભર ઝાપટાં ચાલુ રહ્યાં હતાં. ભારે વરસાદને કારણે શહેરના મુખ્ય માર્ગો પર જળબંબાકારની સ્થિતિને લીધે ઠેર ઠેર ટ્રાફિક જામ જોવા મળ્યો હતો. દિવસ દરમિયાન હળવાંથી ભારે ઝાપટાંના દોર પછી રાતના નવ-દસ વાગ્યાથી ભારે વરસાદ શરુ થયો હતો. મોડી રાતથી વહેલી સવાર સુધી સતત ભારે વરસાદ નોંધાયો હતો. મરોલમાં આજ સવારના આઠ વાગ્યા સુધીમાં ૧૪૫ મિમી એટલે કે લગભગ છ ઈંચ જેવો વરસાદ નોંધાયો હતો. દક્ષિણ મુંબઈના મલબાર હિલ વિસ્તારમાં આજ સવારના આઠ વાગ્યા સુધીના ૨૪ કલાકમાં ૧૧૫ મિમી વરસાદ થયો હતો. મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી મળેલી માહિતી અનુસાર, કોલાબા, શિવડી, દાદર, વિક્રોલી, વિલે પાર્લે સહિતના વિસ્તારોમાં સરેરાશ ચાર ઈંચ વરસાદ થયો હતો.

છ મહિનાની માસૂમ દીકરીને પણ ન છોડી

# જોધપુરમાં એક જ પરિવારના ૪ લોકોની હત્યા બાદ મૃતદેહ સળગાવી દીધા

(એ.આર.એલ),જોધપુર,તા.૧૯



જોધપુરમાં પરસ્પર દુશ્મનાવટના કારણે એક જ પરિવારના ૪ લોકોની હત્યા કરવામાં આવી હતી અને મૃતદેહો સળગાવી દેવામાં આવ્યા હતા. હત્યારાઓએ પરિવારની ૬ મહિનાની માસૂમને પણ બક્ષી ન હતી. બુધવારે સવારે ચારેયના મૃતદેહ ઘરના આંગણામાંથી સળગેલી હાલતમાં મળી આવ્યા હતા. આ મામલો શહેરના ચૌરાઈ ગામનો છે. પોલીસે જણાવ્યું કે આ ઘટના મંગળવારે રાત્રે લગભગ ૩ વાગ્યાની આસપાસ બની હતી. પરિવારના સભ્યો ઘરની બહાર સૂતા હતા. દરમિયાન તિક્ષ્ણ હથિયાર વડે તેનું ગળું કાપીને હત્યા કરવામાં આવી હતી. આ પછી બધાને ઘરના આંગણામાં ખેંચીને આગ ચાંપી દેવામાં આવી હતી.

પોલીસ તપાસની સાથે ફોરેન્સિક ટીમ પણ સ્થળ પરથી પુરાવા એકત્ર કરી રહી છે. આ સામૂહિક હત્યાનું કારણ શું હતું, બદમાશો કોણ હતા, તેઓ ક્યાંના હતા, કેટલા હતા, કયા હથિયારથી તેમની હત્યા કરવામાં આવી હતી, આ બધું હજુ સ્પષ્ટ થયું નથી. સવારે જ્યારે ગ્રામજનોએ ઘરમાંથી ધુમાડો નીકળતો જોયો તો તેઓ ઘરની નજીક પહોંચ્યા હતા.

# ગૌવંશની કતલ પર પ્રતિબંધ મૂકવાનો આદેશ આપવાની માંગ સુપ્રીમે ફગાવી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૯



સુપ્રીમ કોર્ટે ગૌવંશની કતલ પર પ્રતિબંધ મૂકવાનો આદેશ જારી કરવાનો મંગળવારે ઈનકાર કર્યો હતો અને જણાવ્યું હતું કે આ અંગેનો નિર્ણય વિધાનસભા કે સંસદે કરવાનો છે અને અદાલત તેમને કોઈ ખાસ કાયદો ઘડવા માટે દબાણ કરી શકે નહીં. આ અંગેની અપીલનો નિકાલ કરતાં સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે પશુધનની ગંભીર રીતે જોખમમાં મૂકાયેલી સ્થાનિક પ્રજાતિઓને બચાવવા અને સંરક્ષણ માટે પગલાં લેવાની વિનંતીનો સવાલ છે ત્યાં સુધી અરજદાર તે અંગે સંબંધિત રાજ્ય સરકારોને રજૂઆત કરી શકે છે. સુપ્રીમ કોર્ટની ખંડપીઠ નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (એનજીટી)ના ઓગસ્ટ ૨૦૧૮ના આદેશ સામેની અપીલની સુનાવણી કરતી વખતે આ આદેશ આપ્યો હતો. એનજીટીએ પણ તેના આદેશમાં દેશી ગાયોના સંરક્ષણ અંગે કેન્દ્ર અને રાજ્યોએ લીધેલા સામાન્ય વલણને ધ્યાનમાં લીધું હતું.

ગુજરાત રાજ્યમાં ઉમરગાવ તાલુકા અને મહારાષ્ટ્ર રાજ્યમાં દહાણુ-તલાસરી સીમાનો વિવાદ

# મહારાષ્ટ્ર-ગુજરાત વચ્ચે સીમાવિવાદ જાગ્યો, ગ્રામ પંચાયતના પ્રશ્નનો ઉકેલ આગામી બેઠકમાં લેવાશે

(એ.આર.એલ),મુંબઈ,તા.૧૯



મહારાષ્ટ્ર-ગુજરાત સીમા બાબતે નજીકના સમયમાં જ બેઠક બોલાવવામાં આવશે, એવું મહેસૂલપ્રધાન રાધાકૃષ્ણ વિખે-પાટીલે માર્ક્સવાદી કમ્યુનિસ્ટ પક્ષના વિધાનસભ્ય વિનોદ નિકોલેના લક્ષવેધી પ્રશ્નનો જવાબ આપતાં જણાવ્યું હતું. નિકોલેએ જણાવ્યું હતું કે મહારાષ્ટ્ર-ગુજરાત સીમાવિવાદ અંગેનો પ્રશ્ન છેલ્લાં અનેક વર્ષથી પડતર છે. ગુજરાત રાજ્યમાં ઉમરગાવ તાલુકા અને મહારાષ્ટ્ર રાજ્યમાં દહાણુ અને તલાસરી સીમાનો વિવાદ ઊભો થયો છે. દહાણુ અને તલાસરી તાલુકાની સીમા પર વેવજી, ગિરગાંવ, હિમાનિયા, ઝાઈ, સાંભા, આચ્છાડ ગ્રામ પંચાયત આવેલી છે એ મહારાષ્ટ્ર રાજ્યની ગ્રામ પંચાયત છે. ગુજરાત રાજ્યના ઉમરગાંવ તાલુકાના સૂલસુંભા ગ્રામ પંચાયતે મહારાષ્ટ્ર રાજ્યની વેવજી ગ્રામ પંચાયતમાં અંદાજે ૫૦૦ મીટરની જગ્યા પર અતિક્રમણ કર્યું છે. એવી જ રીતે ગયા વર્ષે ગુજરાત રાજ્યમાં ઉમરગાંવ તાલુકાના ગોવાડે ગ્રામ પંચાયતે મહારાષ્ટ્ર રાજ્યના ઝાઈ ગામમાં અમુક રહેવાસીઓને નોટિસ મોકલાવી હતી કે તમારાં ઘર અમારા ગોવાડે ગુજરાત રાજ્યની હદમાં છે. ખરેખર વેવજી ગ્રામ પંચાયત એ મહારાષ્ટ્ર રાજ્યની છે, એવું નિકોલેએ જણાવ્યું હતું.

# એક જ દિવસમાં રશિયા-યુક્રેન યુદ્ધનો અંત લાવી શકું છું : ટ્રમ્પ

(એ.આર.એલ),વોશિંગ્ટન,તા.૧૯



અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એક મોટી જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે જો તેમની સરકાર બનશે તો તેઓ એક જ દિવસમાં રશિયા-યુક્રેન યુદ્ધનો અંત લાવી શકે છે. તેમણે કહ્યું કે રાષ્ટ્રપતિ બાયડેન સહિત અન્ય નેતાઓ પાસે આ મામલાને પહોંચી વળવા માટે પૂરતી તાકાત નથી. ટ્રમ્પનું કહેવું છે કે રશિયાના રાષ્ટ્રપતિ પુતિન અને યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી સાથે તેમના સંબંધો ઘણા સારા છે. જો હું સત્તામાં પાછો આવીશ તો બંને નેતાઓ વચ્ચે સમજૂતી કરાવીશ અને એક જ દિવસમાં લાંબા સમયથી ચાલી રહેલા સંઘર્ષનો અંત લાવીશ. પુટિન-ઝેલેન્સ્કી સ્માર્ટ છે. ફ્રાન્સના મેક્રોન પણ ઘણા સ્માર્ટ છે. આ લોકો કેટલા ઝડપી છે તે જોવા માટે હું પુટિન સહિતના લોકોને સૂચિબદ્ધ કરી શકું છું. તેઓ એટલા કડક છે. તેઓ ખૂબ હોંશિયાર છે. પરંતુ અમારી પાસે એક નેતા છે જેમને ખબર નથી કે શું થઈ રહ્યું છે. અમેરિકાના ઈતિહાસમાં આ સૌથી ખરાબ સમય છે.

# સીમા પોતાની જ જાળમાં ફસાઈ રહી છે! સસરાએ બે મહિના પહેલા જ FIR લખાવી હતી

સીમા હૈદરે આ પહેલા પણ એકવાર ભારત આવવાનો પ્રયાસ કર્યો હતો.

(એ.આર.એલ),લખનૌ,તા.૧૯



સીમા હૈદર પાકિસ્તાન છોડીને નોઈડા પોતાના પ્રેમીને મળવા આવવાની વાત બંને દેશોમાં ચર્ચાનો વિષય બની છે. ભારતની ગુપ્તચર એજન્સીઓ સરહદ પર ભારત આવવા પાછળના કારણો શોધવાનો પ્રયાસ કરી રહી છે, તો બીજી તરફ સરહદને લઈને રોજેરોજ કોઈને કોઈ નવા ખુલાસા સામે આવી રહ્યા છે. હવે નવા સમાચાર સામે આવ્યા છે કે તેના સસરાએ મે મહિનામાં જ સીમાના ગુમ થવા અંગેનો રિપોર્ટ નોંધાવ્યો હતો. બીજી તરફ, સોમવારે નોઈડામાં યુપી એટીએસની ટીમે સીમા હૈદર તેમજ તેના પ્રેમી સચિન અને તેના પિતાની નોઈડાના સેક્ટર-૯૪ સ્થિત ઓફિસમાં લગભગ ૧૦ કલાક સુધી પૂછપરછ કરી. જો કે તપાસ એજન્સીને તપાસમાં વધુ કઈ હાથ લાગ્યું નથી. પબજી ગેમ પ્રત્યે પ્રેમ, સચિન મીના સાથે લગ્ન અને હવે જાસૂસીની શંકા, સીમા હૈદર ખુલ્લેઆમ એટીએસના સવાલોના જવાબ આપી રહી નથી, જોકે એવું કહેવામાં આવી રહ્યું છે કે એજન્સીને તેના વિશે કેટલીક નક્કર માહિતી મળી છે. કહેવામાં આવી રહ્યું છે કે પૂછપરછ દરમિયાન એટીએસને એ પણ ખબર પડી કે સીમા હૈદરે આ પહેલા પણ એકવાર ભારત આવવાનો પ્રયાસ કર્યો હતો. તે આ વર્ષે ૧૦ માર્ચે શારજાહ થઈને નેપાળ પહોંચી હતી, સચિન પણ તેને લેવા માટે ત્યાં પહોંચ્યો હતો.

# પશ્ચિમ બંગાળમાં મતગણતરી કેન્દ્ર પરથી સીલબંધ મતપેટીઓ મળી આવી

(એ.આર.એલ),કોલકાત્તા,તા.૧૯



પશ્ચિમ બંગાળના માલદા જિલ્લાના ગજોલની એક માધ્યમિક શાળામાંથી ત્રણ સીલબંધ મતપેટી મળી આવી છે, જેની મતગણતરી થઈ નથી. સૂત્રોના કહેવા અનુસાર તાજેતરમાં સંપન્ન થયેલી પંચાયત ચૂંટણી માટે આ સ્કૂલની ફાળવણી મતગણતરી કેન્દ્ર માટે કરાઈ હતી, જ્યાં આ મતગણતરી રાખવામાં આવી હતી. મતપેટી મળી આવ્યા બાદ કોંગ્રેસ નેતા પ્રદીપ ભટ્ટાચાર્યે કહ્યું કે આનાથી ફક્ત એ જ સાબિત થાય છે કે પંચાયત ચૂંટણી લોકશાહીના નામ પર એક તમાશો છે. સીલબંધ મતપેટીઓ એક ચૂંટણી અધિકારી દ્વારા નિયુક્ત કરાયેલા તાલુકા વિકાસ અધિકારી(ટીડીઓ)ની દેખરેખમાં હોવી જોઈએ. હું સંબંધિત અધિકારી વિરુદ્ધ કાર્યવાહીની માંગ કરું છું, કારણ કે આ ત્રણ મતપેટીની ગણતરી કર્યા વિના જ પરિણામની જાહેરાત કરવામાં આવી છે. કોંગ્રેસ નેતાઓની સાથે માર્ક્સવાદી કમ્યુનિસ્ટ પાર્ટીના નેતા તન્મય ભટ્ટાચાર્યે પણ કહ્યું કે, પંચાયત ચૂંટણી એક તમાશો હતો.

# 'હું ખેડૂતોની વિરુદ્ધ નથી': ટામેટાના વધતા ભાવ પર આપેલા નિવેદન મુદ્દે સુનિલ શેટ્ટીએ માફી માંગી

(એ.આર.એલ),મુંબઈ,તા.૧૯



ટામેટાના આસમાને પહોંચેલા ભાવની ચર્ચા સામાન્ય પરિવારથી લઈને બોલીવુડ સ્ટાર્સની ફેમિલી સુધી દરેક જગ્યાએ થઈ રહી છે. સોશિયલ મીડિયા પર તો જાણે ટામેટા છવાઈ ગયા છે. આવી સ્થિતિમાં એક્ટર સુનિલ શેટ્ટીએ પણ ટામેટાની વધતી કિંમતોને લઈને ચિંતા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે, ટામેટાના વધતા ભાવની કિંમત તેમની રસોઈ પર પણ પડી રહી છે. જેના કારણે તેમણે ટામેટા ઓછા ખાવાનું શરૂ કરી દીધુ છે. ત્યારે હવે સુનિલ શેટ્ટીનું આ નિવેદન સોશિયલ મીડિયામાં ચર્ચાનો વિષય બની ગયુ છે. કેટલાક લોકો સુનિલ શેટ્ટી પર ખેડૂત વિરોધી અને તેમની ભાવનાઓને ઠેસ પહોંચાડવાનો આરોપ લગાવી રહ્યા છે. હવે સુનિલ શેટ્ટીએ આ મામલે માફી માંગી છે. સુનિલ શેટ્ટીએ ખેડૂતોને અજાણતા તેમની ભાવનાઓને ઠેસ પહોંચાડવા માટે માફી માંગી છે. એક્ટરે કહ્યું કે, મારા શબ્દોને ખોટી રીતે સમજવામાં આવ્યા છે.

# ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે આજથી બીજી ટેસ્ટ : ભારત ૯મી ટેસ્ટ શ્રેણી જીતવા કટીબધ્ધ

(એ.આર.એલ),મુંબઈ,તા.૧૯

નવા વિક્રમો માટે સજજઆવતીકાલથી ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે ટેસ્ટ શ્રેણીની બીજી ટેસ્ટ કવિન્સ પાર્ક ઓવલ ખાતે શરૂ થવા જઈ રહી છે. ભારતે પ્રથમ ટેસ્ટમાં ૧ દાવ અને ૧૪૧ રનથી વેસ્ટ ઈન્ડિઝ સામે વિજય પ્રાપ્ત કર્યો હતો. હવે રોહિત શર્માના નેતૃત્વમાં બીજી ટેસ્ટમાં વિજય સાથે કલીન સ્વીપ કરવા ભારતીય ટીમ ચાહે છે. પ્રથમ ટેસ્ટમાં રોહિત શર્મા અને યશસ્વીની શાનદાર ઓપનીંગ પાર્ટનરશીપ ટેસ્ટના વિજયમાં મહત્વની સાબિત થશે. શુભમન ગીલ અને અજીંકયા રહાને ફેઈલ થતા મોટા જુમલા બનાવવા નિષ્ફળ નિવડયા હતા. જયારે વિન્ડીઝની ટેસ્ટમાં ૧૨ વિકેટો ઝડપનાર અશ્વિન ફરી ૨જી ટેસ્ટમાં પણ શ્રેષ્ઠ દેખાવ માટે આશાવાદી છે.

બીજી ટેસ્ટમાં ઋતુરાજ ગાયકવાડને સંભવતઃ સ્થાન મળવાની પ્રબળ શકયતા છે. શુભમન ગીલ અથવા અન્ય બેટધરને સ્થાન ન પણ મળે. જોકે રોહિત શર્મા કેમેય કરીને બીજી ટેસ્ટ જીતીને સતત ૯મી ટેસ્ટ શ્રેણીમાં વિન્ડીઝને પરાજીત કરવા ચાહે છે. બંને દેશો વચ્ચે અત્યાર સુધી ૯૯ ટેસ્ટ રમાયા છે. જેમાંથી ભારતે ૨૩ અને વિન્ડીઝે ૩૦માં વિજય પ્રાપ્ત કર્યો છે.

# લોક લાગણીનો વિજય : અમરેલી જીલ્લામાં ઈકો ઝોન પરનો સ્ટે હાઈકોર્ટે હટાવ્યો



અમરેલી, તા. ૧૯

અમરેલી જિલ્લામાં વર્ષોથી અટવાતો પ્રશ્ન ઈકો સેન્સેટીવ ઝોન અન્વયે હાઈકોર્ટે આપેલ સ્ટે હટાવાયો છે અને જિલ્લાના લોકોની લાગણીનો વિજય થયો છે.

વર્ષ ૨૦૧૬માં મીતીયાળા વન્ય જીવ અભ્યારણ્ય અંતર્ગત ૧૭.૦૯ કિ.મી. ગીર વન્ય જીવ અભ્યાસ અંતર્ગત ૧૬.૦૩ વર્ગ કિ.મી. અને પનીયા વન્ય જીવ અભ્યારણ્ય અંતર્ગત ૧૪.૯૮ કિ.મી. વિસ્તારનો ઈકો સેન્સેટીવમાં સમાવેશ થતાં આસપાસ વસવાટ કરતાં લોકોને ખૂબ જ મુશ્કેલી પડી રહી હતી. જેથી રાજ્ય સરકાર દ્વારા પર્યાવરણ સંતુલન અને લોકોને પુરતી સુવિધાઓ મળી રહે તે માટે ઈકો ઝોનમાં ફેરફાર કરવા કેન્દ્ર સરકારમાં દરખાસ્ત કરવામાં આવી હતી. પરંતુ પર્યાવરણપ્રેમી વ્યકિત દ્વારા હાઈકોર્ટમાં અભ્યારણ્યની આસપાસ ૧૦ કિ.મી. સુધીનો ઈકો સેન્સેટીવ ઝોન રાખવા પીટીશન દાખલ કરવામાં આવી હતી. જે સંદર્ભે હાઈકોર્ટ તરફથી ૨૦૨૦ થી સરકારના ડ્રાફ્ટ નોટીફીકેશન અને દરખાસ્ત પર સ્ટે મુકવામાં આવેલ હતો.

હાઈકોર્ટના સ્ટે બાદ સાંસદ નારણભાઈ કાછડીયા અને ધારાસભ્યો દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને વન મંત્રી મુળુ બેરાને કરાયેલ રજૂઆતના પગલે રાજ્ય સરકાર દ્વારા હાઈકોર્ટમાં રજૂ કરાયેલા વિવિધ પુરાવાઓ અને દલીલોને આધારે ૩ જુલાઈના રોજ ઈકો ઝોન પરનો સ્ટે હટાવી નવી દરખાસ્ત રજૂ કરવા રાજ્ય સરકારને સૂચના આપી ચુકાદો આપેલ છે.

અમરેલીના સાંસદ નારણભાઈ કાછડીયા, નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, મહેશભાઈ કસવાલા, જે.વી. કાકડીયા, હિરાભાઈ સોલંકી અને જનકભાઈ તળાવીયા દ્વારા વખતોવખત મુખ્યમંત્રી અને પર્યાવરણ મંત્રીને રજૂઆત કરવામાં આવી હતી. જેના આધારે રાજ્ય સરકારે હાઈકોર્ટમાં પુરાવાઓ રજૂ કરતાં હાઈકોર્ટ દ્વારા ઈકો સેન્સેટીવ ઝોન પરનો સ્ટે ઉઠાવી લેવામાં આવ્યો છે. હાઈકોર્ટના ચુકાદા બદલ જિલ્લાના તમામ રાજકીય આગેવાનોએ યોગ્ય પક્ષ રજૂ કરવા બદલ સરકારનો આભાર વ્યકત કર્યો છે અને નવી દરખાસ્ત કેન્દ્રમાં રજૂ થાય તે માટે રાજય સરકારને રજૂઆત પણ કરેલ છે. તેમ સાંસદ નારાણભાઈ કાછડીયાની અખબારી યાદીમાં જણાવેલ છે.

**સાંસદ નારણ કાછડીયા, કૌશિક વેકરિયા, મહેશ કસવાળા, જે.વી.કાકડીયા, હિરાભાઈ સોલંકી અને જનક તળાવીયાની સતત રજૂઆત રંગ લાવી**

# પાંચ જિલ્લામાં અત્યાર સુધીમાં આંખ આવવાના કુલ ૧૧૭૪ કેસ નોંધાયા

## ઘેર-ઘેર ખાટલો હોવા છતાં સરકારી ચોપડે અમરેલી જિલ્લામાં ફક્ત ૩૧૨ કેસ



ગાંધીનગર,તા.૧૯

રાજ્ય સરકારના પ્રવક્તા અને આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે રાજ્યના નાગરિકોને પ્રવર્તમાન સમયમાં કેટલાક જિલ્લામાં જોવા મળી રહેલા કન્જક્ટિવાઈટીસ રોગથી નહીં ગભરાવા પરંતુ તકેદારી રાખવા અનુરોધ કર્યો છે. રાજ્યના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રથી લઈ સિવિલ હોસ્પિટલમાં કન્જક્ટિવાઈટીસ રોગની સંપૂર્ણ સારવાર અને દવાનો પર્યાપ્ત જથ્થો ઉપલબ્ધ હોવાનું પણ તેમણે ઉમેર્યુ હતું. હાલ રાજ્યમાં ૧૦૦ થી વધુ કન્જક્ટિવાઈટીસના કેસ નોંધાયા હોય તેવા મુખ્ય પાંચ જિલ્લા અમરેલી જિલ્લામાં ૩૧૨, ખેડા જિલ્લામાં ૨૮૦, નવસારી જિલ્લામાં ૨૬૧, આણંદ જિલ્લામાં ૧૯૬ અને સુરત જિલ્લામાં ૧૨૫ જેટલા કેસ તારીખ ૧૮ જુલાઈની સ્થિતિએ જોવા મળ્યા છે. વધુમાં વરસાદી ઋતુમાં પાણીજન્ય અને વાહકજન્ય રોગ અટકાયત માટે પણ રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા સઘન કામગીરી હાથ ધરી હોવાનું ઋષિકેશ પટેલે જણાવ્યુ હતું.

# ભારે વરસાદથી સરદાર સરોવર ડેમ ૬૪ ટકાથી વધુ ભરાયો, રાજયના ૩૩ જળાશયો સંપૂર્ણ છલકાયા

## જળાશયોમાં કુલ સંગ્રહ શક્તિના ૫૩.૯૬ ટકા પાણીના જથ્થાનો સંગ્રહ થયો




(એ.આર. એલ),ગાંધીનગર,તા.૧૯

ગુજરાતમાં મોટાભાગના વિસ્તારમાં શ્રીકાર વર્ષાને પરિણામે રાજ્યમાં તા. ૧૯ જુલાઈની સ્થિતિએ કુલ ૨૦૭ જળાશયોમાં કુલ સંગ્રહ શક્તિના ૫૩.૯૬ ટકા પાણીના જથ્થાનો સંગ્રહ થયો છે. આ ઉપરાંત ગુજરાતના ૩૩ જળાશયો ૧૦૦ ટકા એટલે કે, સંપૂર્ણ છલકાયાં છે. જ્યારે ૪૯ જળાશયોમાં ૭૦ ટકાથી વધુ તેમજ ૮૦ જળાશયોમાં ૨૫ થી ૭૦ ટકા સુધી પાણીનો સંગ્રહ થયો છે. ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં કુલ સંગ્રહ શક્તિના ૬૪.૪૦ ટકા જેટલા પાણીના જથ્થાનો સંગ્રહ થયો છે, તેમ સ્ટેટ ફલડ કન્ટ્રોલ સેલ-ગાંધીનગરના અહેવાલમાં જણાવાયું છે.

અહેવાલમાં જણાવ્યાનુસાર, રાજ્યમાં ૧૦૦ ટકા એટલે કે સંપૂર્ણ છલકાયા હોય તેવા જળાશયોમાં અમરેલી જિલ્લાના ધાતરવાડી, મુંજિયાસર, વાડિયા, સંક્રોલી, સુરજવાડી, દાહોદ જિલ્લાના ઉમરીયા, ગીર સોમનાથના મચ્છુન્દ્રિ, જામનગરના વઘાડીયા, સપાડા, પૂના, ફૂલઝર-૧ અને રૂપારેલ, જૂનાગઢના ઝાંઝેશ્રી, ઉબેણ, હસનપુર, હિરણ-૧, મોટા ગુજેરીયા, મધુવંતી, રાજકોટના વેરિ, લાલપરી, મોજ અને સોડવદર, સુરેન્દ્રનગરના મોર્શલ, વન્સલ તેમજ તાપી જિલ્લાના ડોસવાડા સહિતના જળાશયોનો સમાવેશ થાય છે. આ સિવાય હાલમાં ઉત્તર ગુજરાતના કુલ ૧૫ જળાશયમાં ૬૧.૧૮ ટકા, મધ્ય ગુજરાતના ૧૭ જળાશયમાં ૩૬.૫૧ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયમાં ૪૨.૨૬ ટકા, કચ્છના ૨૦ જળાશયમાં ૬૩.૬૧ ટકા તેમજ સૌરાષ્ટ્રના કુલ ૧૪૧ જળાશયમાં ૬૩.૮૫ ટકા પાણીનો જથ્થો સંગ્રહાયો છે, તેમ ફલડ કન્ટ્રોલ સેલના અહેવાલમાં વધુમાં જણાવાયું છે. આગામી પાંચ દિવસ સુધી રાજયમાં ભારે વરસાદની આગાહી હોય રાજયના મોટાભાગના જળાશયોમાં પાણીની આવકમાં વધારો થાય તેવી સંભાવનાઓ છે. આગામી સમયમાં રાજયના અનેક ડેમો છલકાય તો નવાઈ નહિ.

# ભારે વરસાદના કારણે પરિવહન સેવા થઇ પ્રભાવિત, એસટી બસની અંદાજે ૨૬૪ ટ્રીપ રદ



(એ.આર.એલ),રાજકોટ,તા.૧૯

ગુજરાતમાં સૌરાષ્ટ્રના અલગ અલગ વિસ્તારોમાં જાણે આભ ફાટ્યુ છે. અનેક વિસ્તારો જળ મગ્ન થઈ ગયા છે. નાના મોટા અનેક માર્ગો જળ મગ્ન થઈ ગયા છે. ત્યારે ભારે વરસાદના કારણે પરિવહન સેવા પ્રભાવિત થઈ છે. ભારે વરસાદના પગલે મુસાફરો મુશ્કેલીમાં ન મુકાય તે માટે એસટી બસની અંદાજે ૨૬૪ ટ્રીપ રદ કરવામાં આવી છે. સૌરાષ્ટ્રના અલગ અલગ વિસ્તારોને જોડતી બસોની ટ્રીપ રદ કરી દેવામાં આવી છે. અમરેલીની ૧૦ અને જામનગર, દ્વારકા અને સોમનાથની ૨ ટ્રીપ રદ કરવામાં આવી છે. જો કે જરૂર જણાય ત્યાં વધુ બસ સેવા બંધ અને શરૂ કરવામાં આવી શકે છે. વરસાદી વાતાવરણ છે તેવા વિસ્તારોમાં બસ ચલાવતા ડ્રાયવર-કંડક્ટર અને ડેપો મેનેજરને જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે. કોઝ-વે કે પાણી ભરાયા હોય તેવા જોખમી સ્થળ પર બસ નહીં લઈ જવા સૂચના આપવામાં આવી છે. તેમજ અમદાવાદના કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમ પરથી જીપીએસ અને જીઓ ફેન્સથી બસ પર સતત નજર રાખવામાં આવી રહી છે.






# અમદાવાદમાં સ્ટેટ મોનિટરીંગ સેલ દ્વારા ડબ્બા ટ્રેડિંગનો પર્દાફાશ



અમદાવાદ,તા.૧૯

અમદાવાદ શહેરમાં ચાલતા ડબ્બા ટ્રેડિંગનો પર્દાફાશ થયો છે. સ્ટેટ મોનિટરીંગ સેલે આનંદનગર વિસ્તારમાં દરોડા પાડ્યા છે. આનંદનગર વિસ્તારમાં આવેલી ખાનગી બિલ્ડિંગમાં ચાલતી કોર્પોરેટ ઓફિસમાં સ્ટેટ મોનિટરીંગ સેલે દરોડા પાડ્યા છે. સ્ટેટ મોનિટરીંગ સેલે ડબ્બા ટ્રેડિંગ કરતા ૩ આરોપીની ધરપકડ કરી છે. ડબ્બા ટ્રેડિંગના માસ્ટર માઈન્ડ ટોમી ઊંઝા સહિત ૭ આરોપી ફરાર થયા હોવાનું સામે આવી રહ્યું છે. ડબ્બા ટ્રેડિંગના માસ્ટર માઈન્ડ ટોમી ઊંઝા વિરૂદ્ધ અનેક પોલીસ મથકોમાં ગુના નોંધાયો છે. આ અગાઉ પણ અમદાવાદમાં ડબ્બા ટ્રેડિંગનો પર્દાફાશ થયો હતો. પાલડી પોલીસે પેટ્રોલીંગ દરમિયાન કારમાં બેસી ડબ્બા ટ્રેડિંગ કરતા બે ઈસમોની ધરપકડ કરી હતી.

# સુરતમાં એમ્બ્યુલન્સ અને ફાયર બ્રિગેડની કારમાં 'પુષ્પા' સ્ટાઈલથી દારૂની હેરાફેરી

સુરત,તા.૧૯

જો તમે એક્ટર અલ્લુ અર્જુનની ફિલ્મ 'પુષ્પા' જોઈ હોય, જેમાં હીરો પોલીસથી બચવા માટે દૂધ ભરેલા ટેન્કરમાં ચંદનની દાણચોરી કરે છે, હવે ગુજરાતના દારૂ માફિયાઓ એ જ પુષ્પા સ્ટાઈલમાં પોલીસથી બચવા માટે એમ્બ્યુલન્સ અને ફાયરનો ઉપયોગ કરે છે. બ્રિગેડની કારમાં દારૂની હેરાફેરી ઝડપી પાડવામાં આવી છે.

સુરત પોલીસે આવા ૨ કેસનો પર્દાફાશ કર્યો છે. દારૂ માફિયાઓ એમ્બ્યુલન્સ અને ફાયર બ્રિગેડના વાહનોમાં દારૂની હેરાફેરી કરતા હતા. પોલીસે એમ્બ્યુલન્સમાં દારૂની હેરાફેરી કરનાર આરોપીને પકડી લીધો હતો, પરંતુ ફાયર બ્રિગેડના વાહનમાં દારૂની હેરાફેરી કરનાર વ્યક્તિ નાસી છૂટ્યો હતો. સુરતના પલસાણા વિસ્તારમાંથી એક એમ્બ્યુલન્સ પસાર થવાની હતી, જે અંગે પોલીસને બાતમી મળી હતી કે તેમાં કોઈ દર્દી નથી પરંતુ દારૂની હેરાફેરી થઈ રહી છે. ગુપ્ત બાતમીના આધારે પોલીસે સફેદ કલરની એમ્બ્યુલન્સને અટકાવી તલાશી લેતા અંદરથી દારૂની ૮૪૨ બોટલ મળી આવી હતી. ઝડપાયેલા દારૂની કિંમત ૧૦૫,૨૫૦ રૂપિયા આંકવામાં આવી છે. આ કેસમાં એમ્બ્યુલન્સ ડ્રાઈવર ઋષિકેશ શાંતારામભાઈ પવારની ધરપકડ કરવામાં આવી છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં અંબાજીમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી

(એ.આર.એલ),અંબાજી,તા.૧૯



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આદ્યશક્તિ ધામ અંબાજી ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની રાજ્ય કક્ષાની ઉજવણીમાં સહભાગી થતાં પર્યાવરણ પ્રિય લાઈફ સ્ટાઈલ અપનાવીને તથા વૃક્ષોના જતન-સંવર્ધનથી ગ્રીન કવર વધારવાનું પ્રેરક આહવાન કર્યુ છે. આ સંદર્ભમાં તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશીપમાં સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસના મંત્રથી ગુજરાતને ગ્રીન ગ્રોથ-હરિત વિકાસની નવી ઊંચાઈએ લઈ જવું છે. તેમણે ક્લાયમેટ ચેંજ અને ગ્લોબલ વોર્મિંગના પડકારો સામે પર્યાવરણ જતનની લડાઈ લડીને આપણી આવનારી પેઢીને સ્વસ્થ ભવિષ્ય આપવાનો સંકલ્પ કરવા પણ આ તકે આહવાન કર્યુ હતું. રાજ્ય સરકારના વન અને પર્યાવરણ વિભાગના ઉપક્રમે આયોજિત વિશ્વ પર્યાવરણ દિવસ ઉજવણીના આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ ગ્રીન અંબાજી પ્રોજેક્ટ અન્વયે વન વિભાગે ગબ્બર પર્વત નજીક મીયાવાકી પદ્ધતિથી તૈયાર કરેલા ૧૦ હજાર રોપાઓના વન કવચનું લોકાર્પણ કર્યુ હતું. તેમણે ગુજરાતમાં ગ્રીન કવરની વૃદ્ધિ સાથે વૃક્ષાચ્છાદિત વિસ્તારમાં વધારો કરવા સમગ્ર રાજ્યમાં ૮૨ સ્થળોએ ૧૦૦ હેક્ટરમાં ૧૦ લાખ વૃક્ષોના આવા વન કવચની નેમ દર્શાવી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અંબાજી તથા તેની આસપાસના ડુંગરાળ વિસ્તારોમાં જ્યાં કુદરતી રીતે બીજ નથી પહોંચતા અને ધીરે-ધીરે વનસ્પતિનું આવરણ ઓછું થતું જાય છે તેવા ૧૦૦ થી ૨૦૦ હેક્ટર વિસ્તારોમાં ડ્રોન ટેક્નોલોજીની મદદથી સીડ બોલ અને સીડ વાવેતરનો પ્રારંભ કરાવ્યો હતો.